# અધ્યાત્મ



વર્ષ : ૧૩ સપ્ટેમ્બર–૧૯૯૨ અંક : ૧૨

## * ક્રિયાયોગથી જીવન–મુક્તિ *

ક્રિયાયોગનો અર્થ ચોક્કસ કે નિશ્ચિત ક્રિયા અથવા સાધનાની મદદથી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે, એનો શ્રદ્ધાભક્તિ તથા નિષ્ઠાસહિત આશ્રય લેનારો યોગી કર્મસંસ્કારો અને કર્મબંધનથી યુક્ત સંસારચક્રમાંથી છૂટી જાય છે.

ક્રિયાયોગની સીધી સાદી શારીરિક માનસિક સાધના-પદ્ધતિથી માનવના રક્તમાંથી કાર્બનનું તત્ત્વ દૂર થાય છે. અને એમાં ઓક્સિજનનો સારી પેઠે સંચાર થાય છે. ક્રિયાયોગ એક પ્રાચીન સાધનાપદ્ધતિ છે. એનો ઉલ્લેખ ભગવાન કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં બે વખત કર્યો છે. એક વખત આ પ્રમાણે. અપાનને પ્રાણમાં અને પ્રાણને અપાનમાં હોમીને યોગી પ્રાણ અને અપાનની ગતિને રોકી દે છે. એવી રીતે યોગી જીવનશક્તિ પર પ્રભુત્વ સ્થાપે છે. બીજી વખતે એમણે જણાવ્યું છે કે જે યોગી બાહ્ય વિષયોના સંસર્ગને છોડી દઈને, બંને ભ્રમરની મધ્યમાં દૃષ્ટિને કે મનોવૃત્તિને સ્થિર કરી નાસિકાની અંદર સંચરનારા પ્રાણ અને અપાનની ગતિને સમાન તથા શાંત કરે છે, ઈન્દ્રિયોને, મનને ને બુદ્ધિને વશ કરીને ઈચ્છારહિત, ભયરહિત, ક્રોધરહિત બને છે. તે મોક્ષપરાયણ થાય છે. તે યોગી સદા મુક્ત જ છે. એને જીવનમુક્ત બનતાં વાર લાગતી નથી.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની જન્મજયંતિની ઉજવણી | — | ૧૩ |
| અમૃત પળોનો આસ્વાદ–૨ | ગોરધનભાઇ ડી. કલોલા (કલ્યાણ) | ૧૫ |
| પૂ. મા સાથેનો સત્સંગ–હરદ્વાર | નિર્મલા ટેલર | ૨૭ |
| પ્રભુપ્રાપ્તિમાટે ખરેખર કંઇ કરવાનું નથી | સત્સંગી | ૩૦ |
| અધ્યાત્મની કેડીએ | મણિભાઇ ના. પંડયા | ૩૪ |
| જીવનમાં સદાયે | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૪૦ |
| હો મનવાજી, મોરા ! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૧ |
| સિદ્ધિનાં શિખરો સર કરવા | કમલ સુથાર | ૪૨ |
| કબીર સુધા | પરમાર્થી | ૪૬ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૨ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


# * હાર્દિક અભિનંદન *

અધ્યાત્મ માસિકના સપ્ટેમ્બર ૯૨ ના અંકના પ્રકાશનનો બધો ખર્ચ કેનેડા ટોરન્ટોના શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના ભાઈબહેનો તરફથી આપવામાં આવેલ છે. આમ નવેમ્બર, ૯૧ થી માંડીને ઓક્ટોબર ૯૨ સુધીના આખા એક વર્ષનો બધો ખર્ચ ઉપરોક્ત ધ્યાનકેન્દ્રે આપીને અધ્યાત્મ માસિકને અકલ્પ્ય સહાય કરી છે. તેઓની તે સહાય માટે આભાર વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. અમે અંતરથી એટલી જ પ્રાર્થના કરીએ છીએ કે તેઓનું સર્વ પ્રકારે ભૌતિક તેમ જ આત્મિક કલ્યાણ થાઓ.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ સપ્ટેમ્બર–૧૯૯૨ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૬–૧૨–૮૦, કારતક સુદ નોમ, ૨૦૩૭, મંગળવાર**
**સ્થળ : 'પ્રયાગ', નારણપૂરા ચાર રસ્તા, અમદાવાદ–૧૩**

આજે ૧૧ વાગ્યે આ ઘરની મોટી દીકરીનો જન્મદિન હોવાથી પૂ. શ્રીને વંદન કરવા આવી છે. પૂ. શ્રી એને પ્રસાદ આપે છે. ૨૭ મું વરસ આશીર્વાદરૂપ ઠરો એવી વાતો કરે છે. સાડા અગિયારે શ્રી સુતરિયા પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં પૂ. શ્રીના દર્શન કરવા આવે છે. પૂ. શ્રી પોતે નીચે ઉતરે છે. છેક નીચેના રૂમમાં પૂ. શ્રી બેઠા છે. શ્રી સુતરિયા આવે છે તે પહેલાં સૂરતના બંને ભાઈઓ લ. અને ઇ. આવી ગયા છે.

સુતરિયા માંદગીના બિછાનેથી પૂ. શ્રીના આશીર્વાદ લેવા આવ્યા છે. શ્રી સુતરિયા આવીને ફૂલ આપી ખૂબ ભાવવિભોર બની વંદન કરે છે. પૂ. શ્રીને પોતે કેસરી જીવન બનાવે છે તેની



ભેટ ધરે છે. પછી પોતાના મનની મૂંઝવણ વ્યક્ત કરે છે.

**પ્રશ્ન :** મનમાં અશુદ્ધિ ઘણી જ છે. પ્રભુમાં મન જોડાય એવા આશીર્વાદ આપો.

**પૂ. શ્રી :** મનની અશુદ્ધિની ચિંતા ન કરો જપમાં મન જોડો, પ્રાર્થના કરો દયારામનું પેલું પદ સરસ છે. તેની પ્રાર્થના કરો.

જેવો તેવો પણ દાસ તમારો,
કરુણાસિંધુ ગ્રહો કર મારો.

આશીર્વાદ તો છે જ. હવે તો જપ જ સાધન છેને. (ખૂબ પ્રેમ ને શાંતિથી પૂ. શ્રી વાતો કરે છે.)

સમય થતાં સૌ વિદાય થયાં. ભોજન આરામ બાદ નીચેની પ્રશ્નોત્તરી સાંજની મુલાકાતમાં થઈ.

**પ્રશ્ન :** જપ સારા કે પ્રાર્થના સારી?

**પૂ. શ્રી :** બંને સારાં. રોટલી પણ સારી, દાળ પણ સારી. પહેલી પ્રાર્થના પછી જપ, ફરી પ્રાર્થના. જપથી એકાગ્રતા વધશે, પ્રાર્થનાથી ભાવ વધશે. બને સારાં છે.

**પ્રશ્ન :** સંતોને પ્રાર્થના કરીએ તો ફળે તે સંત જાણે?

**પૂ. શ્રી :** ઘણીવાર જાણે, ઘણીવાર ન પણ જાણે. એની પાછળ પ્રભુની શક્તિ કામ કરતી હોય છે. ઘણી પ્રાર્થનાઓ ભગવાન સાંભળે પણ કલ્યાણકારક માંગણી હોય તે જ પ્રભુ પૂરી કરે. પૂરી કરવા જેવી ઇચ્છા હોય તે પૂરી કરે, પણ યોગ્ય સમયે સંતો દ્વારા કરે ને કરાવે. પ્રભુની શક્તિ ઉપર આધાર. બધા સંતો ભક્તોની ઇચ્છાને જાણવાની દરકાર પણ ન રાખે ને સંતોનું એ કામ પણ નથી. કોઈકવાર તે જાણે કે ન જાણે.

પ્રશ્ન : ખૂની પોતાનો ભાઈ હોય તો તેને છોડાવવા મદદ કરવી કે તેના કુટુંબને મદદ કરવી?

પૂ. શ્રી : ના. ભલે ભૂલની સજા ભોગવવા દો, પણ કુટુંબને મદદ કરો. તેણે તો ખૂન નથી કર્યું ને! જો ખૂની પસ્તાવો કરે ને હવે પવિત્ર જીવન જીવવું છે એવો સંકલ્પ કરે તો—ભગવાન પણ કહે છે કે દૂરાચારી સદાચારી થાય તો હું તેને મદદ કરું છું જ.

પ્રશ્ન : કોઈપણ ગેરવ્યાજબી ધંધા માટે પૈસા ઉછીના આપવા યોગ્ય છે?

પૂ. શ્રી : ના કહી દેવી. એવાં કાર્યોમાં મદદ ન કરવી.

પ્રશ્ન : દરેક શાસ્ત્રોનો અભ્યાસ કરવો છે.

પૂ. શ્રી : વિચાર સારો છે. પંડિત રોકો. એ ન બને તો દરેક પુસ્તકો અન્વય સાથે મળે છે. સસ્તુ સાહિત્ય કરતાં પણ ગીતાપ્રેસનાં પુસ્તકો વાંચો, અભ્યાસ કરો, ખરાબ નથી. જાણવાનું મળે તો અભ્યાસ એટલો જરૂરી નથી. આત્મદર્શન માટે એ જરૂરી જ નથી. પણ જ્યાં સુધી જાણવાની, અભ્યાસની ઈચ્છા હોય તો શાસ્ત્રો વાંચવું હોય તો વાંચો. વાંચ્યા વિના જીવનમાં શાંતિ મળશે. ઈચ્છા હોય તો દબાવો નહીં, ભજન વધારે કરો, મનને વિશુદ્ધ કરો, વાસનારહિત કરવાના પ્રયત્નો કરવા તો શાંતિ મળશે.

રમૂજ પીરસે તેવી સરસ પ્રશ્નોત્તરી હતી. જે પ્રશ્નો નોંધને યોગ્ય ન હતા તેની નોંધ નથી કરી. પ્રશ્નોત્તરી બાદ મુલાકાતનો સમય પૂરો થઈ જતાં સૌ ભક્તો વિદાય થયા. આજે સરદાર પટેલ હોલમાં જાહેર ધ્યાનનો કાર્યક્રમ હોવાથી ચાલતાં જ ત્યાં ગયા. નજીક જ સ્થળ હતું, જેથી પૂ. શ્રીએ વાહનની ના પાડી. સાડા છ થી આઠ સુધી ધ્યાનની સમજ, યોગમુદ્રા, આસન, હળવી કસરતો ને ૩૫ મિનિટનું ધ્યાન પૂ. શ્રીએ કરાવ્યું.



આજે પૂરી ને દૂધ પૂ. શ્રીએ લીધા પછી આરામ કર્યો.

આજે અમારા યજમાનની ૧૫ દિવસની માગણીના ઉત્તરરૂપે હું અડધો કલાક નીચે તે સૌ સાથે સત્સંગની વાતો માટે ગઈ. ૧૦ વાગ્યે ઉપર આવવાનું બન્યું ત્યારે પૂ. શ્રીએ પૂછ્યું, "શું વાતો થઈ?" મેં કહ્યું : "અડધો કલાક તો પિતાપુત્ર પોતે વાંચેલા અરવિંદ ને નૃસિંહાચાર્યના ગ્રંથોની જ ચર્ચા કરી. તે ચર્ચા અર્થવિનાની હતી. પૂ. શ્રીએ કહ્યું : તો પછી તમે શા માટે બેઠાં? તમારો કિંમતી વખત બગાડીને તમે જાઓ છો તો તે ચર્ચા સાંભળવા નથી જતાં. તમારે કહેવું કે મારી પાસે સમય નથી, હું જાઉં છું. મારી પાસે આવીને તો કોઈ વ્યર્થ ચર્ચાઓ કરતું જ નથી વિગેરે.

પૂ. શ્રીની આ સૂચના સાચે જ યોગ્ય હતી. આપણા અનુભવની વાતો સાંભળવી છે એવી માંગણી હોવાથી નીચે જવાનું બન્યું. પણ ત્યાં એ અર્થ ન સરતો હોય તો ત્યાં સમય બગાડવાનો કોઈ અર્થ નથી. હવે એ સૂચનો ધ્યાનમાં લેવાં જરૂરી છે.

આ મહાપુરુષ પાસે કેટકેટલું શીખવાનું મળે છે! જીવનનું દરેક રીતનું ઘડતર અહીં મળી જ રહે છે, થતું જ રહે છે. હરિઃ ૐ

**તા. ૧૭-૧૨-૮૦, કારતક સુદ દશમ, ૨૦૩૭, બુધવાર**

પૂ. શ્રીનાં દ્વાર નિયમ પ્રમાણે ઉઘડી જાય છે. આજે શ્રી જીતુભાઈ, કુંદનબેન વડોદરાથી આવે છે. એમની સાથે થોડી વાતો થાય છે. યાત્રાના ફોટાઓ જોવાય છે. પછી ભોજન બાદ ફરી જીતુભાઈ વિ. સાથે ૨.૩૦ સુધી વાતો થાય છે. આરામ બાદ ૫-૧૦ મિનિટે ફરી દ્વાર ઉઘડી જાય છે. મુલાકાતીઓ મળવા માટે આવીને બેઠા છે.

માતાજીના સ્મારકની વાત થઈ. પૂ. શ્રીના નિયમની વાત થઈ.

**પ્રશ્ન** : પાંચ યજ્ઞ કરીને ગીતા વાંચવી—તે કયા પાંચ યજ્ઞો?

**પૂ. શ્રી** : જુઓ, આ ફળ કોણ લાવ્યું? (તેને એક ફળ આપે છે) જુઓ, આ એક યજ્ઞ થયો. તમે દિવસના અમુક રૂા. કમાઓ છો. સંકલ્પ કરો અમુક રકમ મહિને કાઢી નાંખીશ, કાઢી નાંખો, એટલે સાબરમતીમાં નથી નાખવાના, પણ તમારા હક્કની જે કમાણી છે, તેમાંથી અમુક રકમ કાઢી ગરીબો માટે વાપરો. બાકીનું તમે તમારે માટે વાપરો. તો તે યજ્ઞ થયો. કેટલાકે તપ કર્યું. શક્તિ મળી તો તે શક્તિનો બીજા માટે ઉપયોગ કર્યો. વિદ્યા, ધન, બળથી તો તે યજ્ઞ થયો. પોતે શાંતિ મેળવી બીજાને પણ શાંતિ આપવી તે યજ્ઞ, તમારી પાસે જે હોય તેનાથી બીજા લોકોને સુખશાંતિ બદલાની અપેક્ષા વગર આપો તો તે યજ્ઞ.

અમે એક ભાઈને ત્યાં સુરત વરસો સુધી ઉતર્યા. તે ભાઈનો એક નિયમ જાણવા જેવો. જે આવે તેને ખવડાવવું, આપવું. દાદાજી કહેતા જેટલું આપો છો, એટલું જતું નથી. ગરીબોને આપું છું તે યજ્ઞ થઈ રહ્યો છે. જેથી આર્થિક રીતે સુખી છીએ.

**પ્રશ્ન** : હું સીતારામ જપું છું. તો ૐ વિના તે અપૂર્ણ કહેવાય?

**પૂ. શ્રી** : ના, એ અધૂરો નથી પણ તમારે લગાડવો હોય તો ૐ લગાડો. મનમાં શંકા ન કરવી.

**પ્રશ્ન** : જ્યોતિષો ફલાદેશો આપે તેમાં આર્થિક વળતરની અપેક્ષા ન રાખવી?

**પૂ. શ્રી** : એક વાત માનું છું. માણસ પાસે જે કાંઈ વિશેષતા છે તેનો ઉપયોગ બીજાને માટે નફાની ગણત્રી વિના કરવો જરૂરી છે.



**પ્રશ્ન** : જ્યોતિષની વાતો કરવી તે નિષેધ છે. હું ત્રીસ વરસથી મફત ફલાદેશ જોઈ આપું છું તો શું પ્રભુના રહસ્યને મફત ન ઉઘાડવું એવો નિયમ છે? એ રીતે આપણું નસીબ બગડે ખરું?

**પૂ. શ્રી** : ના, એ વિદ્યા ખરાબ નથી. તમે ઉપયોગ કરો છો તેમાં કોઈ આર્થિક કે વ્યક્તિગત વળતર રાખતા નથી તો તમારું એ યજ્ઞકાર્ય છે. તમે તો માણસને સારા માર્ગે દોરો છો. જ્યોતિષીઓ—વરાહમિહિર—તપસ્વી જેવા હતા. પવિત્ર જીવન જીવનારનું ફલાદેશ પણ સત્ય જ બને છે. એવું પણ જોવા મળે છે.

પ્રશ્નોત્તરી બાદ ધ્યાનના કાર્યક્રમમાં સરદાર પટેલ હોલમાં ચાલતા જ પહોંચી ગયા. સમયસર કાર્યક્રમ શરૂ થયો. ધ્યાનની સમજ, મુદ્રા, આસનો, પ્રાણાયમ બાદ ધ્યાનની બેઠક શરૂ થઈ. બેઠક બાદ હળવી કસરતો પૂ. શ્રીએ બતાવી. કાર્યક્રમ બાદ ફરી ચાલીને ઉતારા પર આવી ગયા. હળવો નાસ્તો કરી આરામ કર્યો.

**તા. ૧૮-૧૨-૮૦, કારતક સુદ અગિયારસ, ૨૦૩૭, ગુરુવાર**

**સ્થળ : અમદાવાદ, 'ગીતા જયંતિ'**

આજે ગુરુવાર હોવાથી સવારની મુલાકાત સમયે સાંઈબાબાની સ્તુતિ થઈ. ત્યારબાદ બીજી થોડી વાતો કરી સૌ વિખેરાયા. આજે એકાદશીનું ફરાળ ભોજન લીધું. આરામ કરતાં પહેલાં પૂ. શ્રીએ થોડી મહત્ત્વની વાતોના નિર્ણય અંગે પરમશક્તિનો સંપર્ક સાધ્યો. આરામ બાદ બરાબર ૫.૧૫ મિનિટે મુલાકાતીઓ આવવા લાગ્યા. પ્રણામ કરી, સૌ પોતપોતાનું સ્થાન લે છે.

**પ્રશ્ન** : સૂક્ષ્મ યોનિમાં જીવ ક્યાં સુધી રહી શકે?

**પૂ. શ્રી** : એની સમયમર્યાદા ઈશ્વર નક્કી કરે છે. કર્મફળ પ્રમાણે લાંબે સુધી તે યોનિમાં રહે છે.

**પ્રશ્ન :** એક માળા શંકરની ને નવ માળા ગાયત્રીની કરું છું.

**પૂ. શ્રી :** તમારું મન એમાં વહેંચાઇ જાય છે. એના કરતાં શિવ તમારા આરાધ્યદેવ છે તો ૐ નમઃ શિવાય, શિવ–શિવ જ જપો.

**પ્રશ્ન :** એક કલાક સ્તોત્રપાઠ અને ૧ કલાક પૂજામાં જાય છે તો શું કરવું?

**પૂ. શ્રી :** એ શાંતિનો સમય ધ્યાનમાં ગાળો. પછી મહત્ત્વનાં સ્તોત્રો બોલો. વર્ષો જૂની ટેવ છે એટલે સ્તોત્રપાઠ છોડતાં તમને અપરાધ જેવું લાગે, પણ એવું નથી.

બીજા પ્રશ્નો સામાન્ય હતા. પ્રશ્નોત્તરી બાદ ધ્યાનનું ચોથું કેન્દ્ર રણછોડજીના કાચના મંદિરમાં, ઉસ્માનપુરા ખૂલે છે. એટલે ત્યાં પૂ. શ્રીનો કાર્યક્રમ હતો. ધ્યાનની સમજ છેલ્લા બે દિવસની જેમ જ આપી. વળી આજે ગીતાજયંતિ હોવાથી ગીતા પર થોડું સમજાવી ૧૨ મો અધ્યાય સરળગીતાનો સમૂહમાં કરાવ્યો. રાત્રે ત્યાંથી આવતાં સાડા નવ થયા. દૂધ પીને આરામ કર્યો.

**તા. ૧૯–૧૨–૮૦, કારતક સુદ બારસ, ૨૦૩૭, શુક્રવાર**

સવારે ૬.૩૫ થી ૬.૪૦ આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર પરથી પૂ. શ્રીનો 'મન' ઉપર વાર્તાલાપ હતો જેથી તે સાંભળતાં પૂ. શ્રીએ માતાજીનું સ્મરણ કર્યું. ખૂબ પ્રેમથી વાર્તાલાપ સાંભળતાં. સાંજથી જ રેડિયો સ્ટેશન મેળવી લેવડાવતાં. મણિનગર પણ લખાવતાં ગયાં. જુઓને, ગયા પછી ક્યાં છે, શું છે કંઇ ખબર પડતી નથી. નાના બાળકની જેમ માતાજીનું સ્મરણ કર્યું. ત્યારબાદ મન પર પણ થોડી અસર થઇ, નિયમ મુજબ દૂધ પી થોડું લેખનકાર્ય કર્યું.



આજે સાડા અગિયારથી બારની બેઠકમાં પૂ. શ્રીએ પોતાના શિક્ષકો પ્રો. અંજારિયા તથા અન્યને યાદ કર્યાં. અંજારિયાની ડીબેટીંગ–ચર્ચાની વાતો થઇ. ખીચડીનું ભોજન લીધું. આરામ કરતાં પહેલાં પેપર પર નજર નાંખી લીધી. પછી સર્વેશ્વરીના ભજન-સંગ્રહ અંગે થોડી સૂચના આપી, આરામ કર્યો. આરામ સાથે પૂ. શ્રી પ્રાર્થના કરી લે છે. ૫ વાગ્યે બહાર આવી આંટા મારે છે.

સૌ ભાવિકો આવી પ્રણામ કરી સ્થાન લે છે. નર્મદભાઇ નામે એક ભાવિક મળવા આવે છે. જેને ત્રણ વાર એટેક આવેલો એની વાત ઉપરથી પૂ. શ્રી પોતાની માંદગીની વાત કરે છે ને વ્યાયામની વિગતવાર વાતો કરી. વળી માતાજીના સ્વર્ગવાસની વિગતે વાતો શરૂ થઇ.

વળી પ્રથમવારના એટેક સમયે જગદંબાની સૂચના મળી, તેની વાતો કરી. પછી વળી પ્રશ્નોત્તરી શરૂ થઇ. જેમાં રસજ્ઞ એટલે શું તેની ચર્ચા શરૂ થઇ.

સમય પૂર્ણ થતાં સૌ ઉઠયાં. અલ્પાહાર બાદ આરામ.

**તા. ૨૦–૧૨–૮૦, કારતક સુદ ચૌદસ, ૨૦૩૭, શનિવાર**

આજે સવારની મુલાકાતમાં પણ પુસ્તકોની વાતો થઇ. આજે બે વાગ્યે નિરંજન અખાડામાં જવાનું હતું. ત્યાંના મહંતની ઉદાસીનતા આશ્ચર્ય પમાડે તેવી હતી. વેરાન સ્થળ હતું. કદાચ ત્યાં નંદનવન કરવા જ જવાનું બન્યું કે શું તે પ્રભુ જાણે.

ચાર વાગ્યે મણિનગર જવા નીકળ્યા. ચારથી આઠ સુધી ત્યાં જ રોકાયાં. ત્યાં જ ખીચડીનું ભોજન લીધું. નવ વાગ્યે ઉતારા પર આવી ગયાં. સીડી ચઢતાં જ સૌ સભ્યોએ પૂ. શ્રીને પ્રણામ કર્યાં.

સીડીમાં ઉભા ઉભા જ પોણો કલાક પૂ. શ્રી આજે વાતો કરે છે, જેમાં માતાજીની મધુર સ્મૃતિઓ, માતાજીની સર્વ ઇચ્છાઓ—જીવંત હતાં ત્યારે જ પૂર્ણ કરી—તેની વાતો તેમ જ પોતે મણિનગર કરેલી મદદની વાતો થઇ.

ત્યારબાદ દૂધ પીને આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

## અધ્યાત્મના ગ્રાહકોને

" અધ્યાત્મ " માસિક ઓક્ટોબર '૯૨ માં તેનાં તેર વર્ષ પૂરાં કરી, ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. એથી જે ગ્રાહક ભાઇ બહેનો વાર્ષિક લવાજમ ભરતાં હોય તેઓ તેઓનાં લવાજમો સમયસર મોકલાવી આપે.

જે ધ્યાનકેન્દ્રોના ભાઇઓ સ્થાનિક લવાજમ ઉઘરાવી મોકલાવતા હોય (જેવાં કે મોરબી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, મુંબઇ, પાલનપુર) તેઓ સપ્ટેમ્બર '૯૨ ના અંત સુધીમાં તેઓની યાદીઓ મોકલાવી આપે. વ્યક્તિગત લવાજમ મનીઓર્ડર કે ડ્રાફ્ટથી મોકલાવે—ચેકથી નહિ.

કેનેડા અને રગ્બી—બોલ્ટનના ભાઇઓ પણ તેઓની યાદીઓ સમયસર મોકલાવે તેવી વિનંતિ છે.

સ્થાનિક વાર્ષિક લવાજમના દર (રૂા. ૧૫ માં) કરવામાં આવેલ નથી, પરંતુ પરદેશનું પોસ્ટેજ એક અંક દીઠ રૂા. ૧૨ થઇ ગયું હોવાથી, પરદેશનું લવાજમ રૂા. ૨૦૦ કરવામાં આવ્યું છે.

—તંત્રી



### પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની

# જન્મજયંતિની ઉજવણી

તા. ૧૫ મી ઓગસ્ટ એ ભારતની આઝાદીનો દિન તો છેજ, પરંતુ સાથે સાથે તે યોગી શ્રી અરવિંદ ઘોષ, અને મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા આધ્યાત્મિક મહાપુરુષોનો જન્મદિન પણ છે. આથી તા. ૧૫ ઓગસ્ટ ૧૯૯૨ ના રોજ ભારતના શ્રી યોગેશ્વર પરિવારના ભાઇબહેનોએ તેઓના જન્મદિનની ઉજવણી શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપાશ્રયે અમદાવાદ ખાતે નવરંગ-પુરાના શ્રી સરદાર પટેલ હોલ ખાતે કરી.

પ્રારંભમાં શ્રી જયશ્રીબેન વોરા અને શ્રી સુરેશભાઇના સુરીલા કંઠે સુંદર ભજનોના ગાનથી વાતાવરણને આધ્યાત્મિક ભાવોથી ભરી દીધું. તે પછી શ્રી બાબુભાઇ વોરા અને તેઓના ધર્મપત્ની શ્રી મધુબેન પાસે પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપોની શ્રી વિજયભાઇ પુરોહિત (પંડિતજી)એ ખૂબ ભાવપૂર્વક પૂજન વિધિ કરાવી. સાધક સમુદાયે પણ પૂ. શ્રી યોગેશ્વરજીને સમૂહમાં ૧૦૮ પ્રણામ કર્યાં.

ગુજરાત યુનિવર્સીટીમાંના પ. પૂ. શ્રી યોગેશ્વરજીના પાતંજલ યોગદર્શન ઉપરનાં પ્રવચનોમાંની એક ઓડિયો કેસેટ પણ સાધકોએ સાંભળી. યોગશક્તિની સિદ્ધિવાળા મહાપુરુષોના અલૌકિક જીવનની વાતો પૂ. શ્રીના સ્વમુખે સાંભળતાં સહુને આનંદ થયો.

બપોર પછીની બેઠકનો પ્રારંભ શ્રી પૂર્ણિમાબેનની ધૂનથી

થયો. ભાઈ કેતન ઠાકરે સંગીતના વાદ્યો સાથે તેમાં સાથ પૂર્યો. તે પછી વિવિધ સાધકોએ પૂ. શ્રીના જીવન ઉપર વાર્તાલાપો આપ્યા. વક્તાઓમાં શ્રી નારાયણભાઈ જાની, શ્રી ગોરધનભાઈ કલોલા, શ્રી ઈશ્વરભાઈ ભક્ત, શ્રી વિજયસિંહ રાણા, શ્રી સંજય પંડયા, શ્રી અજયભાઈ કલોલા વગેરેનો સમાવેશ થતો હતો. શ્રી બાબુભાઈ વોરાએ પૂ. શ્રીએ તેઓના જીવનમાં પહોંચાડેલ દૈવી સહાયના પ્રસંગો વર્ણવી, આભારવિધિ કરી હતી. આજના મિષ્ટાન્ન ભોજનનો સઘળો ખર્ચ શ્રી લલિતાબેન રાવજીભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યો હતો. તે ઉપરાંત તેઓ તરફથી સ્વ. શ્રી રાવજીભાઈની પુણ્યસ્મૃતિમાં શ્રી હીરાભાઈ ઠક્કરનું "મૃત્યુનું માહાત્મ્ય" પુસ્તક દરેક સાધકને ભેટ આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઈ ભોજાણીએ કર્યું હતું.

આ પ્રસંગે રાજકોટના શ્રી સંજય પંડયાએ અંબાજીની કુટિયાના પ્રભુ લેખિત નામ–જપો પધરાવવા માટે સાધકોને સૂચન કર્યું હતું, જેને યુવકો તરફથી સારો પ્રતિભાવ સાંપડયો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં અમદાવાદના અનેક સાધક ભાઈબહેનોએ પોતાનો ફાળો આપ્યો હતો, જેમનો શ્રી બાબુભાઈ વોરાએ ખાસ આભાર માન્યો. વળી આ હોલ રાહતના દરે આપવા માટે સંસ્થાના સંચાલકોનો ખાસ આભાર માનવામાં આવ્યો.

ગુજરાત ભરમાંથી સારી સંખ્યામાં સાધક ભાઈબહેનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.



# અમૃત પળોનો આસ્વાદ–૨

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આપણે આ અમૃતપળોનો આસ્વાદ લેવા પૂ. માના પાવન શ્રીચરણમાં આવ્યા છીએ. એ આસ્વાદ ખરેખર અનેરો છે. પૂ. મા ગમે ત્યાં બિરાજતાં હોય કે વિહાર કરતાં હોય પણ એ પાદપદ્મની તીર્થશ્રેષ્ઠતાની તોલે કોઈ આવી શકે તેમ નથી. હરિદ્વાર હોય કે હિમાલય, ગંગાજી હોય કે ગોમતીજી, જમનોત્રી હોય કે જગન્નાથજી, દેવપ્રયાગ હોય કે દક્ષિણેશ્વર, સત્યપથ હોય કે સ્વર્ગારોહણ, પરંતુ છોકરાઓ માટે તો એ માતૃગોદથી વિશેષ કોઈ મહાતીર્થ નથી! આપણે પૂ. માને પ્રાર્થના કરીએ કે આ જીવનના પુણ્યપ્રવાસે આવી અમારે બીજું કંઈ કરવું નથી ફક્ત એક જ અનુનય વિનય કે,

સાથ સનાતન રહે સાંપડી, શ્રેયસ્કર સુખદાયક ન્યારો,<br>
તમારી જ હો હૂંફ અનોખી, વરદહસ્ત હો શિરે તમારો.

આપણે અમૃતપળોનો આસ્વાદ લેતાં લેતાં નાસિક તીર્થક્ષેત્રમાં આવ્યા છીએ. જે તીર્થક્ષેત્રમાં સર્વ પાપો નાશ પામે તે નાસિક, પરંતુ જે તીર્થક્ષેત્રમાં આવ્યા પણ, શરણ સ્વીકાર્યા પછી પાપ થાય જ નહીં એ માતૃચરણોનું પાવનતીર્થ આજે તારીખ ૧૮, નવેમ્બર'૯૦ ના રોજ નાસિકની પંચવટી હોટલમાં પ્રકટ થયું છે. પૂ. મા પોતાના છોકરાઓને લઈને દક્ષિણભારતના તીર્થસ્થળોની યાત્રાએ નીકળ્યાં છે. આજે તેના પહેલા ચરણમાં નાસિક તીર્થક્ષેત્રમાં સૌ આવ્યા છે. અમારા માટે તો ત્રણ દિવસ આ પંચવટી હોટેલ પણ તીર્થધામ બની ગઈ!

પૂ. માના શ્રીચરણોમાં બેસીએ એટલે સત્સંગ તો સહજ શરૂ થાય. ધ્યાન, ભજનધૂન, સ્વાધ્યાય કે સ્તવન એજ માત્ર અહીં સત્સંગનું સ્વરૂપ નથી. એ લીલામય સ્વરૂપની હર હરકતો અહીં સત્સંગનું સ્વરૂપ ધારણ કરે છે. અહીં દર્શન એજ સત્સંગ છે! પૂ. માની આસપાસ બેઠા હોઇએ કે ઊભા હોઇએ, પૂ. મા કઇ સૂચન કરતા હોય કે યાત્રામાં રાખવાની જાગૃતિની સમજ આપતા હોય તથા ફક્ત મન બેઠાં બેઠાં કૃપાદૃષ્ટિ જ કરતાં હોય કે ઇશારાથી કંઇક સંકેત સમજાવતાં હોય, હસતાં હોય કે વઢતાં હોય, વ્હાલભર્યો ધબ્બો મારતાં હોય કે કાનપટ્ટી પકડતાં હોય, સૂતાં સૂતાં વાતો કરતાં હોય કે 'માલતી,' 'દમયંતી'ના મીઠાશભર્યા લ્હેકાની બૂમો પાડતાં હોય, સમશૃંગીના સડસડાટ પગથિયાં ચડતાં હોય કે બાહુબલીનાં પગથિયાં પવનવેગે ઉતરતાં હોય, છોકરાઓને પ્રસાદ આપતાં હોય કે પ્રભુને દંડવત્ પ્રણામ કરતાં હોય, હર સ્વરૂપે, હર પ્રસંગે એ લીલામય લાક્ષણિકતાઓમાંથી સત્સંગ સુધારસ નિરંતર વહ્યા જ કરે છે.

આપણને નાસિક તીર્થક્ષેત્રના દર્શનથી આનંદ થાય એ સ્વાભાવિક છે, પરંતુ આ ગોપીઓના એ પ્રકટ લીલારમણાના લાલિત્ય ને ઉદ્ધવજીનું નિરાકાર બ્રહ્મના ચિંતન સાથે સરખાવવા જેવું છે. આપણે પણ અહીં પરમશક્તિની લીલારમણાને પ્રત્યક્ષ નિહાળવા કૃપાપાત્ર બન્યા છીએ. આજે તા. ૧૯, નવેમ્બર'૯૦ ના રોજ પૂ. મા સાથે આપણે સમશૃંગી માતાના દર્શને જઇ રહ્યા છીએ, ચાલો, એ દિવ્યલીલામાં રમમાણ થઇ જઇએ.

સમશૃંગીની યાત્રામાં એક બસ અને એક મોટર સાથે લીધાં છે. મોટર હોવા છતાં સૌ સાથે પૂ. મા બસમાં આવ્યાં છે. બેઠક લેતાં એમ બોલ્યાં કે "જ્યાં મારા છોકરાઓ ત્યાં હું" ઘડીભરના



દર્શન માટે પણ તડપતા છોકરાઓ, જ્યારે પૂ. માને સૌની સાથે બસમાં જુએ, પછી શું બાકી રહે? જયજયકારની કિકિયારીઓથી પૂ. માનું સ્વાગત કર્યું, અને ધૂનની રમઝટ બોલાવી. પૂ. માએ પણ ઊંચા હાથ કરી તાળીઓ પાડતાં, એ રંગતાળીના રંગમાં સૌ રંગાઇ ગયા. "બોલો બોલો માનું નામ મધુરું" એ ધૂનમાંથી મધુરતાની જે સૃષ્ટિ સર્જાઇ તેમાં જાણે આસપાસની સમગ્ર સૃષ્ટિ વિસરાઇ ગઇ! નાસિકથી સમશૃંગી સુધીની ત્રણેક કલાકની યાત્રા એ કંઇ બસમાં બેસીને આમતેમ જોઇને સમયથી દૂર સરી જવાનો પ્રયાસ ન હતો, પરંતુ માતૃપ્રેમના એ મધુપની મધુતા માણવાનો અલૌકિક અવસર હતો. મધપુડામાંથી મધુરસને ચૂસતી મધમાખીઓને જોઇ છેને? બસ, એજ એકાગ્રતા, એજ તન્મયતા પૂ. માના મધુર નામ સંકીર્તનમાં હતી. ફક્ત ત્રણેક કલાકની આ વાત નથી, પણ કલાકો અને દિવસો સુધી છોકરાઓએ માતૃ-પ્રેમના મહારસમાં ડૂબવાનું સમાધિસુખ માણ્યા કરે છે. આ યાત્રા આવા જ સમાધિસુખનો એક ભાગ હતો.

એમાં પણ સમશૃંગીના નીચેના બસસ્ટેન્ડથી પર્વત ઉપરના સ્ટેન્ડ સુધીની નાનકડી ખુલ્લી મેટાડોરની યાત્રા યાદગાર હતી. ઇંટ ઉપર ઇંટ ચણેલી હોય તેવી ખીચોખીચ, સીત્તેરેક છોકરાઓથી ભરેલી એ મેટાડોરમાં છોકરાઓના દિલમાં એ માતૃપ્રેમની એટલી તો મોકળાશ હતી કે હજુ બીજા સીત્તેરેકને માથે બેસાડીને પણ સમાવી લેત! એ માતૃપ્રેમની પહોંચ કેટલી છે તેનું આ અનુપમ દૃશ્ય છે. સંકળાશમાં આટલી મોકળાશ એ માતૃપ્રેમ સિવાય બીજું કોણ આપી શકે! એટલે જ અહીં ખીચોખીચ ભરેલી મેટાડોરમાં એ માતૃપ્રેમની મોકળાશે કોઇને સંકળાશ અનુભવવા દીધી ન હતી? ધક્કા મુક્કી કે સહન કરવાનું અહીં આવતું જ ન હતું. એ

સંકળાશની મોકળાશમાં, એ માતૃપ્રેમની લગનમાં છોકરાઓ શું ઝૂમ્યા છે, ડોલ્યા છે, નાચ્યા છે કે ન પૂછો વાત? ક્યાં બેઠા છે અને કેમ બેઠા છે તેની અહીં કોને ખબર છે? અહીં તો એક જ રટણા છે "બોલો બોલો માનું નામ મધુરું."

એક વાર નહીં પણ અનેક વાર આવી પ્રેમની મોકળાશનાં દર્શન થયાં છે. પૂ. મા ક્યાંય પણ બહારગામ જતાં હોય, ત્યારે આગળની સીટમાં મોટરમાં ડ્રાઇવર સહિત ત્રણ બેઠા હોય, પાછળ પૂ. મા અને પ્રભુ બિરાજતાં હોય, મોટર ઊપડવાની તૈયારીમાં હોય અને ત્યાં કોઇની પ્રાર્થના સંભળાય કે "મા, મારે એક વાર આપના સાન્નિધ્યમાં નાનકડી પણ યાત્રા કરવી છે, પણ જુએ કે જગ્યા નથી એટલે કેવી રીતે શક્ય બને?" પણ પ્રાર્થના તો થઇ ગઇ એ પણ સાચા દિલથી! અને એમાંય આ મા! સાચા દિલની પ્રાર્થના સાંભળ્યા વિના થોડાં રહી શકે? ઉપડતી મોટરે પૂ. મા પૂછે, ચાલ, તારે આવવું છે? પણ મુંઝાય કે ક્યાં બેસું? જગ્યા તો નથી! પૂ. મા તરત જ આજ્ઞા કરે કે "ચાલ બેસી જા આ બે સીટ વચ્ચે!" અને પેલાને તો જાણે હમણાં હૈયું ઉછળીને બહાર આવી જશે કે શું તેવા પ્રેમોલ્લાસમાં બે સીટ વચ્ચે પૂ. માના શ્રી ચરણકમળો પાસે ગોઠવાઇ જાય! ત્યારે એ બટુકને ભાન થાય કે આ માત્ર મા નહિ પણ દિવ્યપ્રેમમયી મા છે! હવે તમે જ કહો કે આ પ્રેમની મોકળાશ નહીં તો બીજું શું? છેને પૂરાં પહોંચેલાં મા? ચાલોને વળગી પડીએ!

પૂ. મા સમશૃંગી તીર્થક્ષેત્રમાં પધાર્યાં છે. પ્રકૃતિ દેવીએ હસીને સ્વાગત કર્યું છે! વર્ષાદેવીએ પ્રેમજલ સીંચીને એ પાવન શ્રી ચરણોને પ્રેમપૂર્વક પખાળ્યા છે. પરમપુરુષોના સાન્નિધ્યમાં કેટલાંક રહસ્યમય બનાવો આકાર લેતા હોય છે. અંદરથી ઉગેલી



શ્રદ્ધા સિવાય એનું સમાધાન શક્ય નથી. પૂ. માના સાન્નિધ્યમાં અનેક વખત પ્રકૃતિએ પોતાનું આવું લીલામય સ્વરૂપ છતું કર્યું છે. પૂ. મા નાસિક તીર્થક્ષેત્રમાં પ્રવેશ્યાં ત્યારે વર્ષારાણીએ વરસીને સ્વાગત કર્યું, અહીં સમશૃંગી તીર્થસ્થાનમાં પણ વર્ષાદેવી ભીના પાલવે સ્વાગત કરવા પધાર્યાં અને વિદાય વખતે પણ સમ-શૃંગીમાતા અને વર્ષાદેવી પોતાની આંતરિક પ્રસન્નતાને પ્રકટ થતાં રોકી શક્યાં નથી.

આ તીર્થસ્થાનમાં પૂ. મા બીજી વખત પધાર્યાં છે. પહેલી વખતે જોયેલો અદ્‌ભુત રોમાંચક પ્રસંગ કેમ કરીને વિસરાય? ત્યારે આ પવિત્રસ્થાનની અધિષ્ઠાત્રી દેવી સમશૃંગીમાતા સ્વયં સ્ત્રી સ્વરૂપ ધારણ કરીને દર્શન આપવા અને પ્રણામ કરવા અમારી સૌની વચ્ચે પધારેલાં! આજે આપણે ફરીથી આ તીર્થસ્થાનની યાત્રા પૂ. માના સાન્નિધ્યમાં શરૂ કરીએ છીએ. અત્યારે ચારસો ને પંચોતેર પગથિયાં ચડીને ઉપર દર્શન કરવા જવા માટે પહેલા પગથિયા પાસે પૂ. માંની આસપાસ સૌ ઊભા છે. આ વખતે સમશૃંગી માતાની માનતાની એક વિધિ કરતાં કરતાં પગથિયાં ચડવાનું પૂ. માએ નક્કી કર્યું છે.

અત્યારે પૂ. મા ખૂબ જ પ્રસન્ન છે. સુંદર હાસ્ય એ મુખારવિંદ પર રેલાઇ રહ્યું છે. એ નિર્મળ, નિર્દોષ હાસ્યમાં એટલી તો ક્ષમતા છે કે એ હાસ્ય દર્શનમાં બધું જ ભુલાય છે. અહીં જ જુઓને! એ પાવન દર્શને છોકરાઓ ભાન ભૂલ્યા છે. આસપાસથી કોઇ ખસતા નથી. ઘણી વખત તો પૂ. માને ભારપૂર્વક આજ્ઞા કરવી પડે કે સૌ તીર્થસ્થાનમાં જઇ દર્શન કરી આવો, પણ કોણ ખસે? જેણે દિવ્યદર્શનની તૃપ્તિ અનુભવી લીધી હોય તેને બીજી કઇ તૃષા બાકી રહે? જ્યાં આ માતૃદર્શનમાં જ

સૌ તીર્થો પ્રકટતાં હોય ત્યાં અન્ય તીર્થદર્શનની જિજ્ઞાસાને ક્યાં અવકાશ રહે છે! સૌ છોકરાઓ માટે પૂ. મા જ તીર્થોત્તમ! તીર્થ એ પાવન પગલે પ્રકટ થાય! જ્યાં જ્યાં એ પાદપદ્મની રજ પહોંચી છે ત્યાં ત્યાં તીર્થધામ પ્રકટતાં રહ્યાં છે. જે જે ઘરોમાં એ પદ સરોજની પવિત્ર છાપ પડી છે તે ઘરો તીર્થોથીય વધુ મહિમાવંતાં બન્યાં છે. જે જે હૃદયાસન પર એ શ્રી ચરણો અંકિત થયાં છે તે માનવ મંદિરોમાં પ્રતિષ્ઠિત થયાં છે. અહીં પણ એ ભાવ તીર્થ ઉભુ થયા વિના રહી શક્યું નથી. છોકરાઓએ સમશૃંગી-માતાને અર્પણ કરવા પુષ્પહારો અને પ્રસાદ લીધા છે પરંતુ આ મધુર સ્મિત મંડિત માતૃદર્શનની મંગલમયતામાં જ ચિત્ત ચોંટી ગયું છે. જાણે બધું જ વિસરાઇ ગયું, મા સમશૃંગી જાણે અહીં જ પ્રકટી ગયાં! પૂજા અને પુષ્પમાળાઓ અહીં સહજ જ અર્પણ થઇ ગઇ! પૂ. માને છેવટે કહેવું પડયું કે હજુ આપણે ઉપર જવાનું છે. ત્યાં પણ પુષ્પમાળાઓ લઇ જવાની છે, પૂ. માની આ ટકોરે છોકરાઓની સમાધિ તૂટી, પરંતુ એ મંગલમય મુખડે લાગેલું ધ્યાન તો કેવી રીતે તૂટે?

પૂ. માના સાન્નિધ્યમાં છોકરાઓ તીર્થસ્થાનોની યાત્રા કરે, પરંતુ મન તો આઠે પ્રહર મધુમક્ષીકાની પેઠે એ પ્રેમમધુપની રસ-માધુરીના આસ્વઆદમાં જ તલ્લીન રહે! પૂ. માની આજ્ઞા થાય એટલે દોડીને, તીર્થદેવતાના દર્શન જલ્દી જલ્દી આટોપી માના ખોળામાં પાછા આવી જાય ત્યારે છોકરાઓને નિરાંત થાય! આમાં પણ દેવદર્શન કરતાં પણ પૂ. માની આજ્ઞાપાલનનો આનંદ છોકરાઓને મન ભારે! અહીં પૂ. મા છોકરાઓને સમશૃંગી માતાના દર્શને લાવ્યાં છે પરંતુ સદાય સંગે રહેતા આ માતૃમંદિર-માંથી બહાર નીકળવાનું મન કોને થાય? આવું દિવ્ય પ્રેમધામ



પામ્યા પછી સમશૃંગી કે સહસ્રશૃંગી ચડવાનું કોને મન થાય?

હવે આપણને સમશૃંગીનાં પગથિયાં ચડતાં ચડતાં પૂ. મા પ્રભુપંથના સોપાન કેવી અદ્‌ભુત રીતે સર કરાવે છે તે લીલા-પ્રસંગનો લ્હાવ માણીએ. પૂર્વના સંકલ્પ મુજબ એક માનતાની વિધિ કરતાં કરતાં પૂ. મા સાથે સૌ પગથિયાં ચડી રહ્યાં છે. વિધિ મુજબ દરેક પગથિયે પ્રણામ કરતાં આરતીને દરેક પગથિયે અડકારતી વખતે કપુરની એક ગોટી આરતીમાં મુકતાં જવાની, જેથી આરતી સતત પ્રજ્જ્વલિત રહે, આ વિધિ સાથે "ૐ મા જય, મા જય જય મા"ની ધૂન ચાલુ રહેતાં વાતાવરણ વધુ મંગલમય લાગી રહ્યું છે. દરેક પગથિયે કપુરની ગોટી મૂકવાને બદલે દર બે પગથિયે મૂકીએ તો પણ આરતીનો દીપક સ . જલતો રહી શકે તેમ હતો, એટલે કલ્યાણે દલીલ કરી "મા, દર બે બે પગથિયે કપુરની ગોટી મૂકીશું તો પણ ચાલશે" પૂ. માએ તુરત જ કહ્યું "એક પગથિયું પણ શા માટે ચૂકવું? જીવનના દરેક પગથિયે પ્રખર ભક્તિ પ્રકટવી જોઇએ! શા માટે ચલાવી લેવું જોઇએ? પ્રત્યેક જીવન સોપાને સાવધાન રહો, જેમ જેમ પ્રભુપંથ કપાય, પ્રેમપ્રદીપ વધુને વધુ પ્રજ્જ્વલિત થવો જોઇએ."

પૂ. મા મંદતા જરાપણ ચલાવી લેતાં નથી, "ચલાવી લેવું" એ શબ્દ પૂ. માના જીવનકોષમાં નથી. 'તૂટી પડવું' એ શબ્દથી એ જીવનકોષ ભરેલો પડયો છે. એ જીવનકોષના પાનાં ઉથલાવીએ ત્યારે ખ્યાલ આવે છે કે સતત સંગ્રામથી એ જીવન ઇતિહાસ ભરેલો પડયો છે, તપની શૌર્યકથાઓથી એ જીવનપૃષ્ઠો ચીતરાયેલાં છે. અહીં પ્રસંગ તો નાનો જ છે પરંતુ એમાં પણ આત્મશૌર્ય ઝળક્યા સિવાય રહેતું નથી. વાત તો બે પગથિયે એક વાર આરતીમાં કપુરની ગોટી નાખવાની હતી, પરંતુ પૂ. મા એમ

સમજાવવા માગે છે કે બે પગથિયે એક કપુરની ગોટી શા માટે? એક પગથિયે બે ગોટી કેમ નહીં? એટલીવાર પણ જ્યોત શા માટે મંદ પડવા દેવી જોઇએ? પ્રેમભક્તિની જ્યોતની પ્રખરતા દર પળે વધતી જ જવી જોઇએ. એક નાનકડું છીદ્ર પણ, જો બેદરકાર રહીએ તો ભક્તિની, સાધનાની નાવને ડૂબાડી શકે છે, માટે એ નાની દેખાતી ભૂલ માટે પણ અસાવધાની શા માટે? એવું લાગે તો બમણા વેગથી સાધનામાં મંડી પડો, પણ પીછેહઠ તો નહીં જ નહીં! આ પૂ. માનો સ્વભાવ! પળેપળની જાગૃતિ તેઓનું નામ!

બીજા એક નાના પ્રસંગની મોટી વાત જોઇએ. સૌ આરતીની વિધિ કરતાં પગથિયાં ચડી રહ્યાં છે ત્યારે અચાનક પવનની ઝપટ આવતાં આરતીનો દીપક બુઝાઇ જાય છે, વેગમાં ને વેગમાં બુઝાયેલી આરતી સાથે છોકરાઓ ચારેક પગથિયાં ઉપર ચડી ગયા. પછી ત્યાં આરતી ફરીથી પ્રકટાવી. ફરી ઉપર પગથિયાં ચડવાનો પ્રયાસ કર્યો ત્યાં પૂ. માની આજ્ઞા છૂટી "ચાલો, ચાર પગથિયાં નીચે ઉતરો, અને આરતીની અધુરી રહેલી વિધિ ત્યાંથી ફરી શરુ કરો." છોકરાઓએ તેમ કર્યું, એટલે પૂ. મા કહે "વ્રત કે સંકલ્પ નિષ્ઠાપૂર્વક, પૂર્ણ શ્રદ્ધા સાથે પૂર્ણ કરવો જોઇએ, વિધિમાં ક્ષતિ ચલાવી લઇ શકાય નહિ."

પૂ. માએ સત્યના આગ્રહની જીવનમાં જે પ્રતિષ્ઠા કરી છે તેની છાપ નાના મોટા પ્રસંગોમાં સુદૃઢપણે ઉઠયા વિના રહી શકતી નથી. પવિત્રતા અને પ્રામાણિકતાની સાત્ત્વિક સૌરભથી પૂ. માના વ્રત અને તપ મઘમઘી રહ્યાં છે. ફરી એકવાર પૂ. માની વ્રતનિષ્ઠાને યાદ કરી લઇએ. પૂ. માને જ્યારે નિર્જળા ઉપવાસનું વ્રત હોય ત્યારે મુખ સાફ કરવા માટે પાણીના કોગળા કરવાના



હોય એ વખતે પૂ. મા એટલી બધી કાળજી રાખે કે પાણીનું એક નાનકડું બુંદ પણ ગળા નીચે ન ઉતરી જાય! આ છે વ્રતનિષ્ઠા અને તપની પ્રામાણિકતા. ગળુ, મસ્તક અને શરીર પર ભીનાં વસ્ત્રો વીંટાળીને ભલે તૃષાની અગન સામે ઝઝૂમવું પડે પણ એક નાનકડું જલકણ પણ વ્રતનિષ્ઠાને સ્હેજ પણ હરગીઝ નહીં ભીંજવી શકે!

પૂ. માની આ લીલાનું લાલિત્ય જોવામાં છોકરાઓ એટલા બધા મશગુલ કે પોતે કોઇ કષ્ટપ્રદ ચઢાણ ચડી રહ્યા છે તેનો અણસાર સુદ્ધાં કોઇને આવ્યો નથી. પૂ. માની પ્રસન્નતાના ફુવારામાં સ્નાન કરતાં કરતાં એટલી તો મસ્તી અનુભવાય કે દેહભાનથી ઉપર ઉઠી જવાય. બીજાં તો ઠીક પરંતુ પનામાધી આવેલા વસંતભાઇની વાત તો તમે ઘડીભર માની પણ નહીં શકો! જન્મથી જ પોલીયાની અસર, ન સરખા બેસી શકે કે ન બે પાંચ ડગલાં ટેકા વિના ચાલી શકે! અહીં પરમપુરુષની કૃપાનો ચમત્કાર તો જુઓ! બીજાને તો ઠીક, પરંતુ વસંતભાઇને પણ અહીં પોતાને પોલીયો છે તેનો ખ્યાલ રહ્યો નથી! જેમ પૂ. માની કૃપા થકી શ્રી મોહનભાઇ મૃત્યુનો પર્વત ઓળંગી ગયા તેમ અહીં શ્રી વસંતભાઇએ કૃપાકટાક્ષે, એક પગે આ સમશૃંગીનો પર્વત સહજમાં જ ઓળંગી ગયા! ચારસો ને પંચોતેર પગથિયાં ચડવા ઉતરવામાં સાચા અર્થમાં એ પરમશક્તિ જ કામ કરતી હતીને! શ્રી વસંતભાઇ અમને હસતાં હસતાં કહેતા કે પૂ. માની શક્તિના ઇંજેક્શનનું આ સામર્થ્ય છે. ભૌતિક વિજ્ઞાનમાં શ્રદ્ધા રાખીએ તો આ કૃપાના વિજ્ઞાનમાં કેમ નહિ?

સમશૃંગીમાતાનું સ્થાન ચારસોને પંચોતેર પગથિયાં ઉપર

ચડતાં પર્વતની ગુફામાં, કુદરતી સૌંદર્યથી છવાયેલા વાતાવરણ વચ્ચે આવેલું છે. સમશૃંગી માતાનાં દર્શન કરી પૂ. મા સાથે સૌ મંદિરના પ્રાંગણમાં બેઠા છે. અહીંના સાત્ત્વિક વાતાવરણમાં પ્રભુના ગુણગાન ગાવાનો જે કેફ ચડયો તેનું વર્ણન શક્ય નથી. પૂ. માના સ્વરૂપમાં સમશૃંગીમાતા અહીં સાક્ષાત્ હતાં. મંદિરમાં હતાં તે અહીં બહાર પણ હતાં, છોકરાઓની પણ આવી જ અવસ્થા હતી. દિલમંદિરમાં સદાય વસતાં મા જ્યારે આ રીતે સાક્ષાત્ દિવ્ય સાન્નિધ્યનું સુખ આપતાં ત્યારે અંદર ઉછળતા ભાવને રોકી શકાતો નહીં. વૃંદાવનની રાસલીલા ત્યારે પ્રત્યક્ષ થઈ જતી.

ભારે મનોહર ભાવદૃશ્ય છે, વિશાળ વડલા નીચે જેમ શ્રીકૃષ્ણની આસપાસ ગાયો અને ગોપબાળકો વીંટળાઈ વળતાં તેમ અહીં માતૃભાવના ઘેઘૂર વડલા નીચે એ શ્રી અંગના અણુએ અણુમાંથી વહેતા વાત્સલ્યનું પયપાન કરવામાં છોકરાઓ મશગુલ છે. એ પયપાનના પોષણથી છોકરાઓના અણુએ અણુમાંથી જે ભાવ નિર્ઝર વહેતા થયા, તે વડે કરાયેલા એ શ્રી ચરણોનું પ્રક્ષાલન, તે છોકરાઓના અંતરના અંતરતમમાંથી અર્પિત થયેલી ભાવાંજલિ છે. અહીં ફક્ત સંકીર્તનની નહિ, પણ ભાવસંકીર્તનની હેલી વરસી રહી. પૂ. માનું સાન્નિધ્ય હવે વર્ણનની વાત નથી રહી, પણ અનુભૂતિનું અમૃતપાન છે, તેની પ્રતીતિ સૌને થઈ, અહીં છોકરાઓ પ્રેમથી નાચ્યા, ભાવથી કૂદ્યા અને માતૃ-ગૌરવગાનથી ઘેલા બન્યા! આખરે પૂ. મા સાથે સૌએ એકસો પચીસ દંડવત પ્રણામોનો અર્ધ્ય સમશૃંગીમાતાને શ્રી ચરણે ધરી માતૃભક્તિની પતાકાને ગગનમંડળમાં ગુંજતી કરી!



જેમ માનતાની વિધિમાં મશગુલ બનાવીને પૂ. માએ સૌને ઉપર ચડાવ્યા તેમ વિભૂતિ દર્શનની વિસ્મયતામાં સૌને ડૂબાડી પલકવારમાં નીચે ઉતાર્યા! હા, એ દૃશ્ય અલૌકિક હતું. પૂ. મા સડસડાટ દોડતાં જ નીચે ઉતર્યાં છે. એક હાથમાં પ્રભુનું સ્વરૂપ અને બીજા હાથે સાડીને સંભાળતાં દોડતાં પૂ. માની એ ગતિમાં ઉડતા પંખીના સ્ફૂર્તિ અને એ વેગમાં વીજળીની ત્વરા હતી. સાત સાત વર્ષના સુદીર્ઘ સમયના અણિશુદ્ધ ઉપવાસો છતાં પ્રકટતી આ શક્તિ એ શ્રી અંગની કોઈ કરામત નથી, પણ પરમશક્તિની કમાલ છે.

એવું નથી સમજવાનું કે અહીં ભાગ્યે જ એકાદ પ્રસંગે જ આવી લીલામય લાક્ષણિકતાઓના દર્શન થાય છે. અહીં તો ક્ષણે ક્ષણે વિભૂતિદર્શનનો યોગ છે. પળે પળે પગલે પગલે, આ લીલામય જીવનમાંથી દૈવી પ્રસંગોની હારમાળા સર્જાતી રહે છે.

ચાલો માણી લઈએ આ પ્રસંગને પણ! છેલ્લે પગથિયે આવી ગુરુદેવ પ્રભુને પ્રણામ કરતાં પૂ. મા કહે, "પ્રભુ આપની કૃપા થકી જ આ યાત્રા સફળ રીતે પાર પડી." પ્રાર્થના કરી પૂ. મા થોડીવાર ત્યાં બેઠાં છે ત્યાં જ પાછી એ રાસલીલાની રંગત જામી ગઈ! એ માતૃપ્રેમ જ એટલો તો પ્રબળ છે કે એના જવાબમાં છોકરાઓથી નાચ્યા કૂદ્યા વિના રહેવાતું નથી. પૂ. મા હવે ઉઠયાં છે. ત્યાં વર્ષારાણી સ્વાગત કરવા ફરીથી પધાર્યાં છે. સૌ ભીંજાયા એટલે એક હોટલના ટપકતા છાપરા નીચે સૌ ભરાયા. એટલમાં હોટેલનો માલિક આવ્યો. તેણે બધાને બહાર કાઢયા, ત્યાં પૂ. મા આવી પહોંચ્યાં. પૂ. માને જોતાં જ પેલો ઘડી પહેલાં બધાને બહાર કાઢનાર હોટેલ માલિક પૂ. માને જોતાં જ જોઈ જ રહ્યો! દોડીને ખુરશી લાવ્યો, પૂ. માને ખુરશીપર બેસાડયાં, દોડીને બજારમાંથી

પ્રસાદ ને ફૂલમાળા લાવ્યો. પૂ. માને પ્રણામ કરી, હાર અર્પણ કરી, પ્રસાદ ધર્યો અને પૂ. માને માથે છત્રી ધરીને ઊભો રહ્યો! અમે પણ પાછા ગયા પણ હવે કશું બોલ્યો નહીં. સૌને પ્રસાદ આપ્યો. તદ્દન અજાણ્યા માણસનું આ વિભૂતિદર્શન હતું. આ સમશૃંગી માતા નહિ તો બીજું કોણ હતું? પૂર્વ યાત્રા પ્રસંગે સ્ત્રીરૂપે પધાર્યાં હતાં આજે આ પ્રસંગે પુરુષ શરીરમાં આવીર્ભાવ પામીને આવ્યાં હતાં! હવે તમે જ કહો કે અહીં પળે પળે પરમશક્તિનું પ્રાકટ્ય નહીં તો બીજું શું?

માટે પ્રણમીને પ્રાર્થી લઈએ, હે મા!

તેજ તમે છો દેવી ત્રિપુરા, મંગલ હાસ હસે છે,
પ્રકટ થયાં છો આ પૃથ્વીપર, મંદિર મહીં વસે છે.
અષ્ટ ભૂજા ને નવદુર્ગા છો, રામશ્યામરૂપે હો,
પાગલ પ્રાણ તમોને પામી હમેશ કાજ હસે છે.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.



# પૂ. મા સાથેનો સત્સંગ–હરદ્વાર

નિર્મલા ટેલર, વડોદરા

પૂ. મા સર્વેશ્વરી સાથે હરદ્વાર રહેવાનો લ્હાવો ૨૦ થી ૨૨ દિવસનો મળ્યો. ખરેખર હરદ્વારનો સત્સંગ યાદ રહી જાય એવો છે. પૂ. માએ બધાં પર ખૂબ પ્રેમ વરસાવ્યો, તેની તુલના કરી શકાય તેમ નથી. મા તે મા જ છે. ગંગામૈયાના પવિત્ર તટપર પૂ. માની સંનિધિમાં સત્સંગ થયો તે દિવસો સ્વર્ગીય સુખ જેવા લાગ્યા. પૂ. માના સત્સંગમાં ઘર પણ ભૂલાઇ જતું. બહાર ફરવા જવાની કે પેપર વાંચવાની પણ ઇચ્છા થતી નહિ. પૂ. માના સાન્નિધ્યમાં દિવસો ક્યાં પસાર થઇ ગયા તેની પણ ખબર પડી નહિ!

પૂ. માનો પ્રેમાળ સ્વભાવ અને વાત્સલ્યભાવ જોઇ, બાળકો પૂ. મા પ્રત્યે ખૂબ જ આકર્ષાયાં. તેને લીધે બાળકોમાં ખૂબ જ ઊંચા સંસ્કારો પડયા. બાળકો બોલવા ઊભા થાય ત્યારે જ આપણે જાણી શકીએ કે પૂ. માના અંકે આવેલા બાળકોમાં કેવું પરિવર્તન આવી ગયું? નાના બાળકોમાં સંસ્કાર સીંચવાનું કામ પૂ. માએ ખરે જ અદ્ભુત કર્યું. આ બાળકો મોટા થશે ત્યારે ઈતિહાસ કાંઇ જુદો જ હશે. તેઓ જરૂર મા–પ્રભુનું નામ દીપાવશે એમાં કોઇ શંકા લાગતી નથી, જે બાળકો સીનેમાના ગીતો ગાતા હતા તેઓ ભજન, ધૂન વગેરે ગાતાં થઇ ગયાં, કોઇ બાળકને પૂ. મા પાસેથી દૂર જવાનું મન જ ન થાય. પોતાના માતા–પિતા કરતાંય અધિક પ્રેમ પૂ. માએ બધાને આપ્યો. ખરેખર,

અમુક દિવસો જીવનમાં યાદગાર બની જાય છે. એ દિવસોને વાગોળવાનું મન થાય છે.

પૂ. માની સાથે મારે ચંદ્રવદની દેવી જવાનું બન્યું. મારી તબિયત સારી ન હતી. તાવ આવતો હતો, અશક્તિ પણ ઘણી જ હતી, મારો વિચાર ચંદ્રવદની દેવીની યાત્રાએ જવાનો ખાસ ન હતો. મને મનમાં ડર હતો કે મારાથી એટલે ઊંચે ચઢાશે કે કેમ? જવાના આગલે દિવસે હું પૂ. માને સત્સંગ પછી પગે લાગવા ગઈ. પૂ. માએ મને તરત જ કહ્યું કે તમારાથી આવી શકાશે એટલે મારે ના પાડવાનું રહ્યું જ નહિ!

બીજે દિવસે અમે લગભગ ૧૦૦ ઉપરાંત ભાઈ–બહેનો લક્ઝરી બસ કરાવીને ઉપડયાં. બસમાં ધૂન–ભજનો, બાવની ગાઈ રસ્તો પસાર કર્યો. સવારમાં લગભગ સાત વાગ્યે નીકળીને અમો બાર વાગ્યે પહોંચ્યાં. બસમાંથી ઉતર્યા બાદ ચઢાણ શરૂ થયું. હું તો પૂ. માનું નામ દેતી દેતી ચઢતી હતી. થાક લાગે તો થોડી વાર બેસું. પૂ. મા પાછળથી આવતા હોય મને પૂછે, "કેમ નિર્મળાબેન સીરીયસ." મેં કહ્યું, "ના, મા." પૂ. મા રસ્તે ચાલતાં પણ કાંઈ પાછળ રહી ગયું હોય તેનું ધ્યાન રાખે. અને એમ કરતાં પૂ. મા સાથે અમે બધાં ચંદ્રવદની માતાના પવિત્ર સ્થાનમાં પહોંચી ગયાં. મારામાં તો કોઈ એવી ચઢવાની શક્તિ ન હતી, પણ પૂ. માની કૃપાથી જ ચઢી શકાયું, ખરેખર પૂ. માએ જ મને ચઢવાની શક્તિ આપી. મંદિરમાં જઈને અમે બધાએ માતાજીના દર્શન કર્યાં. પૂ. માએ કહ્યું કે આ સ્થાન ઘણું પવિત્ર છે. જે કોઈ અહીં સારા સંકલ્પો કરે છે તેના સંકલ્પો ફળે છે, મંદિરમાં સત્સંગ પણ થયો. ત્યારબાદ પૂ. મા એક ટેન્ટમાં બેઠાં. અમો બધી



બહેનોએ ગરબા ગાયા. પૂ. માએ બધાને સ્વહસ્તે પ્રસાદ આપ્યો. પાછા ફરતી વખતે ચંદ્રવદની દેવીના મંદિરમાં આરતી ગાઈ અને પછી ધૂન ગાતાં ગાતાં સહુ નીચે ઉતર્યાં.

પૂ. મા તો જલ્દી જલ્દી જાણે પવનવેગે નીચે ઉતરી ગયા. પૂ. માનું એ દર્શન ખરેખર અદ્‌ભુત હતું. નીચે ઉતરીને પૂ. મા એમની ગાડીમાં બેસી ગયાં અમે બધાં પણ બસમાં બેઠાં, અને આર્યનિવાસના અમારા ઉતારાપર આવી ગયાં, તે જ દિવસે રાત્રે સત્સંગની બેઠક પણ યોજાઈ.

પૂ. મા સાથેની આ યાત્રા જીવનમાં ખરેખર યાદગાર બની ગઈ!

પૂ. માને મારા લાખ લાખ વંદન.


પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## પ્રભુ પ્રાપ્તિ માટે

# ખરેખર કંઇ કરવાનું નથી

સત્સંગી

ભગવાનને પામવા માટે **"કાંઇ જ કરવાનું નથી."** એવું પૂ. સંપૂર્ણાનંદ બાપુ (મૌની ભિક્ષુ)નું કહેવું છે. જ્યારે પૂ. શ્રી મોટા જણાવે છે કે પુરુષાર્થ કર્યા વિના કાંઇ કશું મળી નહિ શકે. પૂ. સંપૂર્ણાનંદ બાપુ આમ કહે છે અને પૂ. મોટા આમ કહે છે. આ બંને વિધાનો પ્રાથમિક દૃષ્ટિએ અત્યંત વિરોધાભાસી લાગે છે. પણ બંને વિધાનોમાં કેવું માર્મિક સત્ય છૂપાયેલું છે તે તેઓશ્રીના સત્સંગમાંથી સાંપડયું છે તે આલેખવાનો આછો પ્રયત્ન અહીં કર્યો છે.

પૂ. સંપૂર્ણાનંદ બાપુ જણાવે છે કે ભગવાન મેળવવા "કાંઇ જ નહિ કરવું" એ જે વિધાન છે તે ઘણી ઘણી ઉચ્ચકોટિની સમજથી કર્યું છે. આ બાબત સામાન્ય સમજથી સમજમાં નહિ આવે અને આ બાબતને સ્વીકારી તે મુજબ તેનો અમલ કરનાર તો કોઇક વીરલો શ્રી રમણમહર્ષિ કે શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવાં હોય.

ભગવાન મેળવવા કાંઇ પણ કરવું જપ, તપ, યોગ, ધ્યાન, પૂજા, સેવા, ત્યાગ આદિ આદિ. એટલે આ બધી ક્રિયાઓ થઇ. ક્રિયાઓ થઇ એટલે કર્તા પણ આવ્યો જ. કર્તા વિના ક્રિયાઓ સંભવે જ નહિ. તો કર્તા આવ્યો એટલે "કર્તાપણું", હુંપણું, અહમ્ભાવ–Ego આવી જ ગયો કે હું યોગી, હું તપસ્વી, હું



ધ્યાની, હું પૂજક, હું સેવક, હું ત્યાગી આવું આવી જ જાય. આવી જ જવાનું કારણ કે આ બધી ક્રિયાઓ છે. કર્તા છે એટલે પ્રકૃતિ છે. અને ભગવાનને પામવા માટે તો હુંપણાને અહમ્ભાવને–Egoને તો નાબુદ કરવાનો છે.

કાંઇ પણ કરવામાં અહમ્ભાવ આવી જ જાય છે. તો તે અહમ્ભાવ જે ઉત્પન્ન થાય છે તે ન થાય તે માટે "કાંઇ જ ન કરવું" એ અર્થમાં પૂ. સંપૂર્ણાનંદ બાપુ કહે છે.

અને જે કાંઇ કરીએ છીએ તે કરવા જતાં જતાં બીજું અનેકગણું આપણી પ્રકૃતિથી ઉપજાવી દઇએ છીએ. એક કર્મ કરવા જતાં બીજાં અનેક કર્મો આપણે પેદા કરી દઇએ છીએ. પૂ. મોટાએ એક ઠેકાણે જણાવેલું છે કે માનવી જગતમાં આવે છે ત્યારે કર્મનું જે પોટલું લઇને આવે છે તેનાં કરતાં અનેકગણું મોટું પોટલું લઇને જગતમાંથી વિદાય થાય છે.

આ રીતે તો કર્મના બંધન અગણિતપણે વધ્યા જ કરવાના અને આપણું "હુંપણું" "કર્તાભાવ" પણ વધુ ને વધુ પુષ્ટ થયાં કરવાનો તો "કર્મબંધન" અને "કર્તાભાવ"માંથી મુક્ત થવાનો ઉત્તમ ઉપાય તો એ જ છે કે **કાંઇ કશું કરવું જ નહિ."**

પણ "કાંઇ કશું કરવું જ નહિ" એ આપણી પ્રકૃતિની બહારની વાત છે. આપણે સામાન્ય જીવદશાના માનવીઓ પ્રકૃતિથી ઘેરાયેલા આવરાયેલા છીએ. એટલે કાંઇક ને કાંઇક તો કરતા જ રહેવાના. આપણી પ્રકૃતિ એવી છે કે આપણે કાંઇ પણ કર્યા વિના રહી શકવાના જ નથી–રહી શકતા નથી. તેથી વધુ ને વધુ ફસાઇ જઇએ છીએ. તો હવે આમાંથી ઉગરવા કોઇ માર્ગ ખરો? તો કહે 'હા', પુરુષાર્થ કરો.

એટલે હવે પૂ. મોટાની વાત આવે છે કે પુરુષાર્થ કર્યા વિના કશું મળશે નહિ. પૂ. મોટાએ પુરુષાર્થ કરવાનું કહ્યું છે. તે યોગ્ય જ છે. બિલ્કુલ વિરોધાભાસી નથી.

આપણે ભગવાન મેળવવા ખૂબ ખૂબ જપ, ખૂબ કઠિન તપશ્ચર્યા, કષ્ટદાયક સેવા, ખૂબ મોટા મોટા દાન વિગેરે કરવા માટે જે કાંઇ કરીએ છીએ. તેમાં આપણે પુરુષાર્થ કહીએ છીએ, ગણીએ છીએ. પણ આ સમજણ સાચી નથી. ખરી રીતે આ તો બધી ક્રિયાઓ છે. અને આ બધું કરીએ છીએ તે પરિશ્રમ કહી શકાય. આપણે જે કાંઇ પણ કરીએ છીએ તે પ્રકૃતિના ક્ષેત્રમાં રહીને કરીએ છીએ. એટલે કે આશા, ઇચ્છા, કામના, લોલુપતા, અહં, રાગદ્વેષ, ઈર્ષા વિગેરેથી પ્રેરાઇને કરીએ છીએ, તો આ પ્રકૃતિને તો કાઢવાની છે. અહમ્‌ભાવ—કર્તાપણાનો ભાવ કાઢવાનો છે. કર્તાપણામાં રહીને અકર્તાપણાનો ભાવ લાવવાનો છે, તે કરવાનું છે—તેનું નામ પુરુષાર્થ. એટલે પૂ. મોટા જે **કરવાની વાત** કહે છે તે આ બાબત માટે છે. માટે ખરો પુરુષાર્થ કરવાનો તે જ છે કે આપણે આપણી વૃત્તિ કર્તાપણાની છે તેને અકર્તાપણામાં વાળવી, કર્તાપણામાં રહીને.

એક રીતે જોવા જઇએ તો આમાં તો ગીતામાતાનું હાર્દ છે. અર્જુને કહ્યું કે, પ્રભુ, આ તો બધાં મારાં સગાંવહાલાં છે કેમ કરીને મારવા? ત્યારે શ્રીપ્રભુએ કહ્યું કે હે અર્જુન, આ તો બધાં મરેલાં જ છે. મેં મારી નાંખ્યા છે. પણ તું માત્ર મારું નિમિત્ત થા. શ્રીપ્રભુની આજ્ઞા મુજબ અર્જુને કરી બતાવ્યું કે હું કોઇનો સંહાર કરતો નથી. શ્રીપ્રભુ જ બધાનો સંહાર કરે છે. આમ દેખીતી રીતે અર્જુન કર્તા, પણ ખરેખર કર્તા તો શ્રીપ્રભુ. એટલે અર્જુન પોતે અકર્તા. કર્મનું બંધન નહિ તેથી તેનો મોક્ષ—મુક્તિ.



એટલે હાલ બધી ક્રિયાઓમાં કર્તાપણું આપણું છે તેના બદલે કર્તાપણું શ્રી ભગવાનનું લાવવાનું. તેવું કરવું તેનું નામ પુરુષાર્થ. આ કરવાનું છે. આ અર્થમાં પુરુષાર્થ કરવાનો છે. **ક્રિયાઓ કરવાના અર્થમાં પુરુષાર્થ કરવાનો તે પુરુષાર્થ નથી. તે તો બધો પરિશ્રમ છે. અને જ્યાં પરિશ્રમ છે ત્યાં થાક છે. મર્યાદા છે. જ્યારે આ પુરુષાર્થ કરવામાં કોઇ થાક કે પરિશ્રમ નથી. એટલે ખરેખર તો કાંઇ કરવાનું જ નથી.**

## નવરાત્રિમાં અંબાજી ખાતે સમૂહ જપયજ્ઞ

છેલ્લાં ત્રણ વર્ષોની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રિમાં એટલે તા. ૨૭ મી સપ્ટે. '૯૨ થી તા. ૫ ઓક્ટો. '૯૨ સુધી અંબાજી ખાતેના સ્વર્ગારોહણ તીર્થમાં સમૂહ જપયજ્ઞ શ્રી અજયભાઇ કલોલાની દોરવણી નીચે યોજવામાં આવનાર છે. તેમાં જોડાવા ઇચ્છનાર ભાઇબહેનોએ નીચેના સરનામે તા. ૨૨ સપ્ટે. '૯૨ સુધીમાં જાણ કરવા વિનંતિ છે.

શ્રી બાલુભાઇ પટેલ, મેનેજર,
સ્વર્ગારોહણ, માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ, દાંતા રોડ,
અંબાજી, જિ. બનાસકાંઠા ૩૮૫ ૧૧૦

સાધકો માટે ત્યાં પોતાના ખર્ચે રહેવાની અને સમૂહ ભોજનમાં ભાગ લેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

સાધકોએ પોતાની સાથે, પ્યાલો, આસન, માળા, સરલગીતા, વિષ્ણુસહસ્ર, શિવમહિમ્ન, પ્રેરક પ્રાર્થના અને તુલસીદળ રાખવાં.

— તંત્રી, અધ્યાત્મ

# અધ્યાત્મની કેડીએ

મણિભાઇ ના. પંડ્યા, ડાકોર

આ વર્ષે ઘણા બધા મહાપુરુષોથી શતાબ્દિ ઊજવાશે. પરમહંસ યોગાનંદજીની આ જન્મશતાબ્દિ વર્ષ છે. ૧૯૯૩ ના જાન્યુઆરિની પાંચમી તારીખે તેમના જન્મને સો વર્ષ પૂરાં થશે, તેથી આ અવતારી મહાપુરુષની જન્મશતાબ્દિની ઉજવણી આ જાન્યુઆરિની (૧૯૯૨) પાંચમી તારીખથી ઉજવવાનું નક્કી થયું છે. તેમના જેવા સદ્‌ગુરુને વંદન કરી આ નાના સરખા લખાણની શરૂઆત મારાથી થાય છે. દરેક જીવે આત્મસાક્ષાત્કારના માર્ગે વહેલામોડા જવાનું જ છે માટે આપણા મનુષ્યજીવોને સંબોધીને તેમણે કહ્યું છે કે 'Every thing else can wait, but search for God cannot wait.' પહેલીવાર આ શબ્દો વાંચ્યા ત્યારે આ અદ્‌ભુત વાક્યે વિદ્યુતના ચમકારાની માફક મનમાં તેજ ફેલાયું. ઉત્સુકતા જન્મી. બીજા ઘણાં સંતોનું સાહિત્ય વાંચ્યું હતું, પણ કદાચ ઉપરછલ્લું હશે. બૌદ્ધિક કક્ષાએ ઘણું સમજાય, પણ ભાવનાની કક્ષાએ સંતોની વાતને તેમાંયે ખાસ કરીને 'જપ'ની વાત ગળે ઊતરી ન હતી. જપ કરવાથી શું વળે? લોકો યંત્રવત્ જપ કરવા ટેવાયા છે. તેમાંથી સદ્‌ગુણો કે દૈવીસંપત્તિની પ્રાપ્તિ કેમ થાય તે સમજાતું નહિ.

પણ ગુરુકૃપા કહો કે ઈશ્વરકૃપા કહો ઉપરના એક વાક્યે જ વધુ ઊંડાણમાં જવાની પ્રેરણા આપી. પરમહંસ યોગાનંદજી અને શ્રી યોગેશ્વર મહાત્માજીનાં લખાણો (અધ્યાત્મમાંથી તથા બંનેની



આત્મકથાઓમાંથી) વાંચીને જેટલું સમજાયું તેનો યત્કિંચિત્ અમલ કરવાથી ભક્તિભાવ જાગ્યો ને 'જપ'માં યે શ્રદ્ધા બેસવા માંડી. યોગાનંદજીએ ધ્યાનની સાથે કસરતને અનિવાર્ય ભાગ ગણ્યો છે. વળી જે વ્યક્તિ ઈશ્વર ખોજ માટે મરતાં સુધી પ્રયાસ કરવાની પ્રતિજ્ઞા ન લે તેને માત્ર પૈસાથી તેમણે તૈયાર કરાવેલા પાઠો (ક્રમિક પાઠો ૧૮૨ ની સંખ્યામાં છે તે) વાંચવા મળે જ નહિ. તેથી તેમણે કહેલું વાક્ય ગુજરાતીમાં સમજીએ તો પ્રતિજ્ઞાનો સંકેત જાણવા મળશે. "દુનિયાની બધી કામગીરી રાહ જોઇ શકે, પણ ઈશ્વરસાક્ષાત્કાર માટેની ખોજ રાહ ન જોઇ શકે."તેનો અર્થ એ કે રોજરોજ સવારસાંજ તો ખાસ થોડોક પણ સમય કાઢીને સંતોએ બતાવેલી ગમે તે એક વિધિ પ્રમાણે ધ્યાન, પૂજા, કે ચિંતન માટે ન બેસીએ તો કોઇ કાળે આ અધ્યાત્મની કેડીએ ચાલવાનું નહિ મળે.

પૂ. મહાત્માજીને (યોગેશ્વરજીને) રૂબરૂ મળીને વાત કરી કે પરમહંસ યોગાનંદજીનાં બતાવેલાં પગથિયાંએ મને આ વિષયમાં વધુ રસ લેતો કર્યો. તેમણે કહ્યું કે 'હું તો તેમને સારી રીતે જાણું છું જરૂર તે રસ્તે આગળ વધી શકશો.' પછી તો 'અધ્યાત્મ' માસિકમાં જ મહાત્માજીએ એક ભક્ત કે જેમણે તેમનો માર્ગ સ્વીકાર્યા પછી છોડી દીધો હતો તેમને રૂબરૂ માર્ગદર્શન આપ્યું કે એ માર્ગને જ અનુસરો! એ વાત વાંચવા મળી હતી.

તો શું, આ ખોજ કરનારે શું કરવું? ધ્યાનશિબિરોમાં જ જવું? ને એમ કરીશું તો 'જ્યોતિધામ' કાવ્યમાં કરસનદાસ માણેક કવિ કહે છે તેમ 'બધે ભટક્યો, પણ મા, મને છેલ્લે ખબર પડી કે મારા ઘરમાં જ તું જ જ્યોતિનું ધામ છે.' તેમ ખોજ કે પોતે પોતાની પ્રકૃતિ પ્રમાણેનો જ્ઞાન, કર્મ કે ભક્તિના એક માર્ગે

ચાલવું જ રહ્યું. તે માર્ગે ચાલવાથી એક ડગલું બીજાં ડગલાં ભરાવશે એમાં શંકા નથી, પણ બુદ્ધિને આનાથી સંતોષ મળતો નથી.

બૌદ્ધિકો, થિયોસોફી, શ્રી અરવિંદ, શ્રી કૃષ્ણમૂર્તિ તથા અન્ય ગહનમાર્ગનું સાહિત્ય વાંચ્યા પછી પોતાની પ્રકૃતિ પ્રમાણે એક માર્ગને અનુસરી સાધનાને માર્ગે આગળ વધ્યા છે. પૂ. મહાત્માજી અને સર્વેશ્વરી માને જ ભક્તિભાવે યાદ કરનારને ઈશ્વરકૃપા ફળ્યા વિના રહેવાની નથી. પણ બધા ખોજકો કે મુમુક્ષુઓની પ્રકૃતિ સરખી હોતી નથી. ઘણાખરાને તો હું ક્યાંથી આવ્યો? મારે મૃત્યુ પછી ક્યાં જવાનું છે? શા માટે—જો સંસારમાં માયા અને મોહ હોય ને તેમાંથી જન્મતી આસક્તિઓ હોય તો, ભગવાન જન્મ આપે છે? એવા સવાલો મુંઝવ્યા જ કરે છે.

આના જવાબો ચિંતકોએ ઘણું ઊંડું સાહિત્ય વાંચીને, કેટલાકને તો સાક્ષાત્ અનુભવો થયા પછી કેટલાંક પુસ્તકોમાં લખ્યા છે, તારણો આપ્યાં છે. તે તારણો આ રહ્યાં. ખૂબ થોડાં અને તે ટૂંકમાં:—

(૧) બ્રહ્મવિદ્યાના અધ્યયનથી સમજાય છે કે વિકાસક્રમનું સંચાલન કરનાર પરમ શક્તિ—પ્રભુ છે અને તે પૂર્ણ જ્ઞાની અને પૂર્ણ પ્રેમી છે.

(૨) બ્રહ્મવિદ્યાના પૂરેપૂરા જાણકારને પુનર્જન્મના નિયમનું જ્ઞાન છે. દરેક મનુષ્યે ઘણીવાર સ્થૂળ દેહો છોડયા છે, અને તેથી મૃત્યુ નિદ્રા સમાન છે. મૃત્યુ એટલે થોડા સમય માટે સ્થૂળ દેહનું વસ્ત્ર ઉતારી નાંખવું.

(૩) ઈશ્વરી ઇચ્છા આપણ સહુને ઉચ્ચતમ પદે લઈ જવાની



છે. બીજાને નુકસાન કે દુઃખ પહોંચાડીને કોઈ પણ પોતાને માટે સાચો લાભ પામી શકતો નથી. અધ્યાત્મ ઉન્નતિ કેવળ પોતાને માટે જ નહિ, પણ બીજાઓને સહાયતા કરવા માટે છે. બ્રહ્મ-વિદ્યાના ઉપાસકે જાણવું જોઈએ કે મનુષ્ય જીવાત્મા છે, દેહ નહિ. જીવનનો હેતુ જીવાત્માની શક્તિઓને પ્રગટ કરવાનો છે. એના ચારિત્ર્યને ખીલવવાનો છે.

(૪) મૃત્યુના ડરનું કારણ મૃત્યુ સંબંધી અજ્ઞાન અને બીજું કારણ બિનજવાબદાર જીવન છે. મૃત્યુનું રહસ્ય ત્યારે સમજાયું કહેવાય કે જ્યારે માણસ માણસાઈભર્યું જીવન જીવવાનો નિશ્ચય કરે અને તે રીતે જીવે.

(૫) વિચારવૃત્તિ અને વર્તનથી સદાચારી બનવું. દરેક સ્થળે ને દરેક પ્રસંગે પોતાની ફરજનો વિચાર પહેલો કરવો. નિઃસ્વાર્થ પ્રેમ સૌ કોઈના પ્રત્યે રાખવો પણ કોઈમાં ને કશામાં આસક્તિ ન રાખવી.

(૬) માત્ર પૈસાના વિચાર પછવાડે જ સઘળું જીવન ખર્ચી નાખવું નહિ, પણ કંઈ નવું જાણવાનો, નવું જોવાનો, કોઈ કળા ખીલવવાનો શોખ પણ કેળવવો કે જેથી મૃત્યુ પછી કામલોકમાં જ્યારે જવું પડે ત્યારે જીવન કંટાળા ભરેલું ન બને અને સ્વર્ગ-લોકમાં જલદી પ્રવેશ મળે અને જીવન વધારે સમૃદ્ધ બને.

(૭) અને છેલ્લે થિયોસોફિસ્ટોએ એવી જીવનવ્યવસ્થા સૂચવી છે કે જેમાં કુટુંબીઓને જરાયે મુશ્કેલી ન આવે. પોતાના કુટુંબનું ગુજરાન કરી પોતાના દરેક સભ્યને પગપર ઊભા રહેતાં શીખવવું. પોતાનું લેણું દેવું, પોતાની મિલ્કતને લગતાં ખતપત્રો, પોતાની જિંદગીનો વીમો વગેરેને લગતી પૂરેપૂરી માહિતી

કુટુંબીજનોને આપી રાખવી. કરકસરથી રહેતાં ને જાતમહેનત કરતાં સૌને શીખવવું કે જેથી 'હવે કુટુંબનું શું થશે' એવી ચિંતા મૃત્યુ પછી કરવાની ન રહે.

ટૂંકમાં મૃત્યુને સામે રાખીને જીવવું કે જેથી સ્વાર્થ અને પરમાર્થ બંને સચવાય. મરણ પહેલાં કે મરણ પછી પશ્ચાત્તાપ કરવાનો સમય આવે નહિ અને જીવન તથા મૃત્યુ બંને સુખદાયક બને. થિયોસોફીના મહાનુભાવો શ્રી લેડબીટર અને મેડમ બ્લેવેટસ્કી તથા શ્રી કૃષ્ણમૂર્તિ જેવાએ આગલા જન્મો જોયા છે.

છતાં સામાન્ય માણસના મનમાં આટલા તારણ સમજવાથી પ્રશ્નો મનમાંથી નીકળી જતા નથી. તે તો એમ ન પૂછવાનો કે મૃત્યુ પછી શું થાય છે તે તો કહો. બીજો જન્મ કોને ત્યાં ને ક્યારે થાય? તેના જવાબો ગીતાકાર બને તેટલી સહેલી ભાષામાં બીજો અધ્યાય (૧૩, ૨૦, ૨૨, ૨૭ મા શ્લોકમાં) ૮ મો અધ્યાય (૧૪, ૧૮ માં શ્લોકમાં) ૧૫ મા અધ્યાયના પાંચમા શ્લોકમાં વધુ સ્પષ્ટતા કરે છે. નિદ્રામાં મનુષ્ય સ્થૂલશરીર છોડી અજાણપણે બહાર નીકળે છે. મૃત્યુ એટલે સ્થૂલશરીર છોડી જવું પણ પાછા નહિ આવવું એવો અર્થ કહી શકાય. જન્મ્યા પછી શરીર જેમ વધતું જાય તેમ જીવાત્મા પણ અનુભવમાં આગળ વધતો જાય છે. જીવાત્માને વિકાસક્રમમાં આગળ વધવા વધારે સંસ્કારી શરીરની જરૂર પડે છે તેથી મૃત્યુ એટલે નવસર્જન માટે વિસર્જન. આ નવસર્જન પુનર્જન્મ સ્વરૂપે થતું રહે છે.

આપઘાત એ કુદરતના નિયમોની વિરુદ્ધની ક્રિયા છે. માટે આપઘાત કોઈએ કરવો ન જોઈએ. આપઘાત કરનારને આ લોક અને પરલોકની વચ્ચે ત્રિશંકુની સ્થિતિમાં રહેવું પડે છે ને દુઃખ



ભોગવ્યા જ કરવું પડે છે. મહાપુરુષોના વચનો ઉપર વિશ્વાસ મૂકીએ તો મરણપથારી આગળ કેટલાક ડૂસકે ડૂસકે રડે છે, પોક મૂકે છે તેઓ મૃત્યુ પામનારના મૃત્યુ પ્રસંગને સુધારતા નથી, પણ બગાડી મૂકે છે. સમજુ માણસોએ હાજર હોય તેમણે શાંતિ જાળવવાની અને બીજાને શાંતિ જાળવવાનું કહેવાની ફરજ છે.

તો સવાલ ઊભો થાય છે કે જીવાત્મા મૃત્યુ પામ્યા પછી ક્યારે પુનર્જન્મ ધારણ કરે છે. અભ્યાસીઓ કહે છે કે 'બાળકનું કે યુવાનોનું અકાળે–અકસ્માતથી કે અન્ય ગંભીર કારણસર અચાનક મૃત્યુ થાય તો તેનો પુનર્જન્મ તરત જ થાય છે. બાકી તો કામલોક અથવા ભુવર્લોકમાં ઘણાખરા જીવોને થોડાંક વર્ષ તો પોતાની ઇચ્છા તૃપ્ત કરવા જીવવું પડે છે. દરેક જીવાત્મા વિકાસ તરફ આગેકૂચ કરતો હોય છે. વિકાસ એટલે નવો અનુભવ, નવી શક્તિ ને નવો આનંદ. મુખ્યત્વે ત્રણ વિષે સામાન્ય માણસને સમજ હોય છે. વિજ્ઞાનીઓને તો આ ત્રણ લોકની વાત ગપ્પાં જ લાગે, પણ હવે તો ઊંડા ઊતરીને સંશોધન કરનારા વિજ્ઞાનીઓ સપ્તલોકની વાત સ્વીકારતા થયા છે. આ ત્રણ લોકના જ પેટાવિભાગો ગણીને સાત થાય છે. જિજ્ઞાસુએ ભૂલોક, ભુવલોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક અને સત્યલોક–એમ સાત લોકમાં જીવાત્માની સ્થિતિ કેવી થાય છે તે વિષે વિગતવાર સમજવા માટે શ્રી હરજીવનભાઈ કા. મહેતા કૃત "મૃત્યુનું રહસ્ય" અને "પુનર્જન્મનો નિયમ" વાંચી લેવાં જોઈએ.

## * જીવનમાં સદાયે *

( ગઝલ )

પ્રભુનામ સ્મરજો જીવનમાં સદાયે,
ઊઠી ધ્યાન ધરજો, જીવનમાં સદાયે.

અમી જો વરસતું વહેલી સવારે,
રૂડાં કામ કરજો જીવનમાં સદાયે.

મધુરાં જ ગીતો જો પંખી સમા હો,
પ્રભુમય કરજો જીવનમાં સદાયે.

શાંતિનો દરિયો શો કુદરતમાં લહેરે,
પવન થઇ વિહરજો જીવનમાં સદાયે.

પ્રભુની કૃપાથી માનવ થયા જ્યાં,
પુનિત થઇ પામરજો જીવનમાં સદાય.

તરુ ને ફૂલો સમ, ભલાઇ કરીને,
જીવન ધન્ય કરજો જીવનમાં સદાયે.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## * હો મનવાજી, મોરા ! *

હો મનવાજી, મોરા ! કાયાનગરીના નિવાસી !
ધારો તો મથુરાં ને કાશી,
હો મનવાજી મોરા !

કાયા—નગરીના તમે રાજાધિરાજા !
રાણી ઈન્દ્રિયો સૌ દાસી;
બ્રહ્મા—શિવ—ચન્દ્રને તહમે માયામાં ભૂલવ્યા !
ત્રિલોકી તમથી તો ત્રાસી !
હો મનવાજી, મોરા !

દેવ દેવતાગ્રહ કર્મ ને કાળ સૌ સુખદુઃખ વાસી,
નિર્ગુણ જીવને ત્રિગુણી ફાંસી, મૂઢ મનુજ કેરી હાંસી.
હો મનવાજી, મોરા !

અનલઅનિલ દાહક ચંચલતા અધિકી, અદકું પ્યાસી,
મનોદેવની ગત્ય નિરાળી ! સચરાચરનું ગ્રાસી.
હો મનવાજી ! મોરા !

સાધક—બાધક, બંધન—મુક્તિ મન, નાશી—અવિનાશી !
મૈત્રી—કરુણા વિરાગ યોગે અનૂમન થાય ઉદાસી.
હો મનવાજી, મોરા !

ત્રિલોકી તમથી તો ત્રાસી, ધારો તો મથુરાં ને કાશી,
અનૂમન થાય ઉદાસી:
હો મનવાજી, મોરા !
કાયા—નગરીના નિવાસી !

— ડો. રણજિત પટેલ (અનામી)

# સિદ્ધિનાં શિખરો સર કરવા

**કમલ સુથાર**

કોઇ પણ ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સર કરવા માટે જરૂરી છે દૃઢ–સંકલ્પની; અદમ્ય ઉત્સાહની, પ્રબળ પુરુષાર્થની અને આત્મવિશ્વાસની. આ માટે ઉંમર પણ બાધક નથી બનતી. સ્ત્રી–પુરુષનો ભેદ પણ બાધક નથી બનતો. પરિસ્થિતિ પણ બાધક નથી બનતી.

લૌકિક ક્ષેત્ર હોય કે આધ્યાત્મિક ક્ષેત્ર હોય, આ ગુણો વડે મનુષ્ય સિદ્ધિનાં શિખરો સર કરી શકે છે.

નરેન્દ્ર નામનો યુવાન. યુવાનીમાં જ ઘણા સંઘર્ષ વેઠયા. ગ્રેજ્યુએટ થયેલા આ યુવાને લૌકિક જગતના અનેક કટુ અનુભવો સહ્યાં. પણ તે નિરાશ–હતાશ થઇ અળશિયાંની જેમ પડી ન રહ્યા. આધ્યાત્મિક ક્ષેત્રમાં આદરી તેણે શ્રેયની પ્રબળ સાધના. આ માટે દિન–રાત જોયા વગર તેણે ઉત્સાહથી સાધના શરૂ કરી. દૃઢ સંકલ્પ તો હતો જ. પરમ આત્મસાક્ષાત્કાર કરવાનો નિશ્ચિત ધ્યેય હતું. અદમ્ય ઉત્સાહ હતો. પ્રબળ પુરુષાર્થ હતો. અને શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા પરમ અનુભવી; સત્યનિષ્ઠ મહાપુરુષનું માર્ગદર્શન હતું. પછી શી કચાશ રહે. અને પરિણામે એક દિવસ આજ નરેન્દ્રમાંથી પ્રગટયા પરમ આત્મસાક્ષાત્કારી સ્વામી વિવેકાનંદ. આધ્યાત્મિક જગતના પરમ સિદ્ધિના શિખરે બિરાજી તેમણે સિંહનાદ કર્યો : "હે અમૃતપુત્રો જાગો. અને જ્યાં સુધી પરમ ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી વિવેકી પુરુષાર્થમાં મંડયા રહો... તમે ઘેટાં–બકરાંની જમાતના નથી... તમે પણ સિંહપુત્ર જ છો..."



કુમારી હેલનકેલર. અમેરિકામાં એક સંપન્ન પરિવારમાં જન્મેલી બાલિકા. જન્મથી આંધળી, બહેરી ને મૂંગી. માતા–પિતાએ ઘણા ઇલાજો કરાવડાવ્યા. પણ કાંઇ ફેર ન પડયો. માતા–પિતાએ તેને ભણાવવા માટે રાખી એક સદ્‌ગુણ સંપન્ન શિક્ષિકા. નામ હતું તેનું એની સલિવન. એણે આ અભાગી બાલિકાને પાયાં પ્રેરણા પિયૂષ. તેને આપ્યું સ્પર્શ દ્વારા અક્ષરજ્ઞાન. અંધ હેલનના જીવનમાં પ્રગટયો નવો ઉત્સાહ, આનંદ. તેણે આદર્યો પ્રબળ પુરુષાર્થ ભણવા માટેનો. ભણી–ગણી અંધ ભાઇબહેનોની સેવા કરવાનો દૃઢ સંકલ્પ હતો. તે ભણી. બી.એ; એમ.એ.ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇ. બ્રેઇલ લિપિમાં લખાયેલાં પુસ્તકો વાંચતી. સાહિત્યની શોખિન. સર્જનકાર્યમાં રસ જાગ્યો. પરિણામે પુસ્તકો લખ્યાં. તેણે પોતાની એક આત્મકથા પણ લખી : "The story of my Life" જે વિશ્વસાહિત્યની એક શ્રેષઅઠ કૃતિ ગણાય છે. તેમાં તેણે પોતાના સ્વાનુભવો વર્ણવ્યા છે. તેણે પરમાત્માનુભૂતિ પણ કરી હતી. અને એક દિવસ આ આંધળી–બહેરી કુ. હેલનકેલર વિશ્વપ્રસિદ્ધ વિદૂષી મહિલા બની. "અંધમિલ્ટન સોસાયટી"ની તેણે સ્થાપના કરી. અને આ સોસાયટીદ્વારા બ્રેઇલલિપિનાં પુસ્તકો તૈયાર કરાવડાવી તેણે દુનિયાનાં અંધ ભાઇ–ભાંડુઓને મફત ભેટ આપવાનું ઉમદા સેવઆ કાર્ય શરૂ કર્યું. એ સિદ્ધિના શિખરે બિરાજીને પ્રેરક દીપ બની.

જૅન કેરથ. મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ. કુશળ વિમાન ચાલક હતા તે.

ઉત્સાહી પણ ખરા. હવાઇજહાજ લઇને ઉપડયા એકલા વિશ્વની સફરે. મૃત્યુને હથેલીમાં લઇને ઘૂમનારા સાહસવીર. આ સાહસી યુવાને હવાઇજહાજમાં ઊડી માત્ર એક જ કલાકમાં આખા વિશ્વનું પરિભ્રમણ પૂરું કર્યું. કેવી હિંમત! આ ક્ષેત્રમાં પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી. આ સિદ્ધિના શિખરને આજેય કોઇ આંબી શક્યું નથી.

વ્યર્થ ગપ-શપ કરવામાં, ઈર્ષા–દ્વેષ અને છળકપટમાં તથા પરનિંદામાં સમય બરબાદ કરનાર કશું જ સિદ્ધ કરી શકતાં નથી. ભૌતિક કે આધ્યાત્મિક જગતમાં કોઇ જ નક્કર પરિણામ તે મેળવી શકતાં નથી. ભૌતિક કે આધ્યાત્મિક જગતમાં કોઇ જ નક્કર પરિણામ તે મેળવી શકતાં નથી. આવાં લોકો હડકાયાં કૂતરાં કે હરાયાં આખલા–ઢોરોની જેમ જ્યાં ત્યાં રખડી, લાવાં નાખી, ચરી ખા મૃત્યુના મુખમાં હોમાઇ જાય છે. પણ જાગૃત મનુષ્યો જ ઉત્સાહ, દૃઢ સંકલ્પ અને વિવેકી પુરુષાર્થથી સિદ્ધિનાં શિખરો સર કરી શકે છે. તે યશ, માન, સુખ–શાન્તિ, સમૃદ્ધિ અને ગૌરવ મેળવી શકે છે. જીવન ધન્ય બનાવી પ્રેરકદીપ બને છે.

એક વિદેશી મહિલા. નામ તેનું રૂડી. સંપન્ન પરિવારની સન્નારી. સૌંદર્ય એને પ્રભુના વરદાન સ્વરૂપે મળ્યું હતું. કલાપ્રિય. એમાંય સંગીત અને નૃત્ય એને બહુ જ પ્રિય. પિસ્તાલીસ વર્ષની ઉંમરે આ સુંદર મહિલાના મનમાં નૃત્ય શિખવાના કોડ જાગ્યા. અને તરત જ કર્યા શ્રી ગણેશ તેણે આ શુભ કાર્યના. નૃત્ય શિખવા માટે ઉત્સાહ અને ધગશ તો હતાં જ તેનામાં. આ ક્ષેત્રમાં આદર્યો તેણે પુરુષાર્થ. અને આ કલાપ્રિય સન્નારી માત્ર પાંચ જ



વર્ષમાં વિશ્વપ્રસિદ્ધ નૃત્યાંગના બની. લોકોને પોતાની નૃત્યકલાથી મુગ્ધ કરી તેમના હૃદયસિંહાસન પર બિરાજી. નૃત્ય કલાક્ષેત્રમાં તેણે સિદ્ધિનાં શિખરો સર કર્યાં. કલાપ્રિય સજ્જનો, સન્નારીઓ, યુવકો–યુવતીઓના હૃદયમાં અનેરા આનંદનાં ઝરણાં વહાવ્યાં તેણે, ને રૂડી અમર બની. પ્રેરક દીપ બની.

ઝેરી પૂતનાઓની જેમ ભગવાનને કરડવા દોડનારીને કે કુંભકરણની જેમ આળસ, અજ્ઞાનની ઊંઘમાં ઘોરનારને હવામાં બાચકાં ભરવા સિવાય કંઇ જ મળતું નથી. આવાં દિશાહીન, ધ્યેયહીન, પુરુષાર્થહીન લોકો મહાકાળના મુખમાં હોમાઇ જાય છે ને અંધકારમાં અલોપ થઇ જાય છે.

સિદ્ધિનાં શિખરો સર કરવા માટે જરૂરી છે મનુષ્યમાં પરમ જાગૃતિની, પરમ વિવેકની, ઉત્સાહની, પ્રબળ વિવેકી પુરુષાર્થની અને આત્મવિશ્વાસની. આનાથી જ મનુષ્ય શ્રીવાન, યશવાન, અને ભાગ્યવાન બની શકે છે. પરમ સુખી બની શકે છે.

**ખાસ નોંધ**

કેનેડાના ટોરન્ટો શહેરમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની જન્મ-જયંતિ તા. ૧૫ મી ઓગસ્ટ, ૧૯૯૨ ના રોજ ખૂબ સરસ રીતે ઉજવાઇ. તેનો ખાસ અહેવાલ અને ફોટાઓ વગેરે ઓક્ટોબર ૯૨ ના અંકમાં રજુ કરવામાં આવશે.

— તંત્રી

# કબીર સુધા

લે. પરમાર્થી

આંધી આઇ જ્ઞાનકી ઢહી ભરમકી ભીંત,
માયા ટાટી ઊડી ગઇ લગી રામસે પ્રીત.

કબીર સાહેબ 'આંધી' શબ્દ દ્વારા જીવનમાં આવતી વિશિષ્ટ ક્ષણોની વાત સૂચવી રહ્યા છે. આંધી આવે ત્યારે ન ધારેલું બની જાય. અશક્ય શક્ય બની જાય. મોટાં મોટાં પાકાં મકાનો પણ ધરાશાયી થઇ જાય. સામાન્ય રીતે આ તો કદી તૂટે જ નહીં એવી ધારેલી વસ્તુ પણ ઓચિંતી તૂટીને તારાજ થઇ જાય ત્યારે જગત આશ્ચર્યમુગ્ધ થઇ જાય. જ્ઞાનની આંધી પણ એવું જ આશ્ચર્યકારક પરિણામ સર્જતી હોય છે. જ્ઞાન તો હૃદયમાં જ હોય છે. અનુભવી પુરુષો કહે છે કે જ્ઞાન તો હૃદયની ગુફામાં ગુપ્ત રીતે દટાયેલું હોય છે. તેના પરના થરો ધીમે ધીમે ધોવાતા રહે છે. ધોવાતા ધોવાતા એક દિવસ હૃદય નિર્મળ બની જાય છે. તે દિવસે ચોક્કસ ક્ષણોમાં જ્ઞાન ઉદ્‌ભૂત થઇ જાય છે. ત્યારે ન ધારેલી વસ્તુ બની જતી આપણે અનુભવીએ છીએ. ગૃહત્યાગ સામાન્ય રીતે અઘરો લાગે છે. મા–બાપ, ભાઇ–બહેન, સગાસંબંધીઓ છોડવાનું કોને ગમે? મિત્રમંડળની માયા કોણ ત્યજી શકે? અત્યંત કઠીન કાર્ય ગણાય. પણ જ્ઞાનની આંધી આવે તો તે બધું સ્હેજમાં બની જાય છે. સ્વામી રામના જીવનમાં એવું જ એકાએક બની ગયેલું. તેઓ ભરયુવાનીમાં લગ્ન કરવા માટે જાનૈયાઓ સાથે બેઠા હતા. બ્રાહ્મણ વિધિ કરાવતો હતો. દરેક શ્લોકને અંતે તેના મુખમાંથી 'સાવધાન', 'સાવધાન' શબ્દ વારંવાર સંભળાયો ત્યારે તેમના હૃદયમાં ખરેખર જ્ઞાનની આંધીનું ધમસાણ મચી ઉઠયું હતું. જોતજોતામાં સર્વને છોડીને તેઓ લગ્ન મંડપમાંથી એકાએક ભાગી છૂટયા હતા. એવી રીતે ભાગ્યા હતા કે પાછા સંસારી થયા જ નહીં. સર્વ પ્રકારની ભ્રમોરૂપી ભીંત ક્ષણમાત્રમાં કડડભૂસ થઇ ગઇ! માયાએ રચેલા સર્વ પ્રકારના પડદાઓ એકાએક ઉડી ગયા! રોમેરોમમાં રામ માટે પ્રેમનું ઘોડાપૂર એકાએક ઉમટી આવ્યું! બધું સ્હેજમાં ને ક્ષણમાત્રમાં વિના વિલંબે બની ગયું! જીવનમાં અનુભવાતી તેવી ગજબની ક્ષણોનું ચિત્ર માત્ર બે જ લીટીમાં કબીરસાહેબે આબેહૂબ દોરી બતાવ્યું કહેવાય.



પહેલાં જ્ઞાન થાય પછી રામ માટે અનહદ પ્રેમ જાગે છે તેવા સત્યની પણ અભિવ્યક્તિ અંગે આ સાખી સુજ્ઞ જનોનું ધ્યાન ખેંચે છે. પહેલાં પરિચય થાય પછી પ્રેમ થાય તે હકીકત આધ્યાત્મિક જગતમાં પણ બને છે તે સુંદર ને સરસ રીતે અહીં આલેખાયું છે. સર્વ ઈશ્વરમય છે એમ જાણવું ને અનુભવવું તે જ્ઞાન. તેવી સ્થિતિમાં તે ઈશ્વરતત્ત્વ માટે અનુરાગ જાગવો, તેનામાં જ નિત્ય નિમગ્ન રહેવાની લગની જાગવી, તેના જ સંયોગનું સુખ ઇચ્છવું, તેનામાં જ આનંદનો અનુભવ કરવા તદ્રૂપ થવાની તાલાવેલી જાગવી એને પરમ પદનું બિરુદ આપવામાં આવે છે. आत्मैवेदं सर्वमिति स वा एष पश्यन्नेवं વિગેરે છાંદોગ્ય ઉપનિષદ્‌ના મંત્રો આ હકીકતને સંપૂર્ણ ટેકો આપે છે.

આપણા જમાનાના મહાન આત્મજ્ઞાની સંત શ્રીમદ્ રાજ-ચંદ્રનું જીવન પહેલાં જ્ઞાન અને પછી પ્રેમના સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારું છે. શ્રીમદ્‌જીને આત્મજ્ઞાનની ઉપલબ્ધિ નાની વયમાં જ થઇ ગઇ હતી. ગામના અવસાન પામેલ વયોવૃદ્ધ વડીલની કાયા

સ્મશાનમાં બળતી જોઇને સમડીના ઝાડ પર જ તેમને જન્મ-જન્માંતરનું જ્ઞાન થઇ ગયેલું. પોતાના સ્વરૂપની પાકી ખાત્રી થઇ ગયેલી. છતાં તેમના હૃદયને સંતોષ થતો ન હતો. તેમણે તે અવસ્થાનું વર્ણન કરતાં સ્પષ્ટ લખ્યું છે : "હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઇએ તેવી અસંગદશાથી વર્તાતું નથી." તેઓ પરમાનંદની અવસ્થા પર તો હતા જ છતાં તેથી યે બૃહદ્ ભાવની ઝંખના તેમના લખાણોમાં ડોકિયા કરતી જ હતી : "સૃષ્ટિના રાજથી જે સુખ મળવા આશા નહોતી, તેમ જ કોઇ પણ રીતે ગમે તેવા ઔષધથી, સાધનથી, સ્ત્રીથી, પુત્રથી, મિત્રથી કે બીજા અનેક ઉપચારથી જે અંતરશાંતિ થવાની નહોતી, તે થઇ છે. નિરંતરની–ભવિષ્યકાળની–ભીતિ ગઇ છે...." છતાં "એથીએ અલૌકિક દશાની ઇચ્છા રહે છે.... તેથી જ તેમણે ગાયું હતું—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો?

જ્ઞાન પછી પ્રેમની જે વાત આપણે કરી રહ્યા છીએ તેને શાસ્ત્રકારોએ પરાભક્તિ કહી છે. તેવી પરાભક્તિની ઝંખના શ્રીમદ્જીને જાગી હતી :

"મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું તેમ અમને હમણાં વર્તે છે. આત્મદર્શન પામ્યા છતાં પણ વ્સાસજી આનંદ સંપન્ન થયા નહોતા, કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે."



તેમને તે સ્થિતિમાં ભાગવતમાંની ગોપાંગનાની દશા સાંભરી આવતી–"એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમદ્વાર છે; એ દશા વિદેહી હતી." "હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન છીએ....એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઇ ગમતું નથી; અમને કોઇ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઇ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી.... આદિ પુરુષને વિષે અખંડપ્રેમ સિવાય" બીજું કાંઇ જ ગમતું નહોતું.

પૂજ્ય યોગેશ્વરજીના જીવનમાં ડોકિયું કરીશું તો તેમની પણ એવી જ સ્થિતિ હતી. જ્ઞાનની આંધીનો તેમને પણ અનુભવ થયેલો. ભણતા ભણતા હિમાલય ચાલ્યા ગયેલા અને આત્મ-સાક્ષાત્કાર કરી શકેલા. પરંતુ તેમને તેટલાથી સંતોષ ક્યાં હતો? તેમના હૃદયમાં પણ પરાભક્તિનું પ્રચંડપુર ફરી વળેલું. તેમનું જીવનચરિત્ર વાંચતા મને તો ગીતાના કેટલાંક વચનો નવીન અર્થથી સંપન્ન જણાયાં છે. ગીતાને સમજવાનો મને નવો જ સંદર્ભ મળ્યો છે.

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ ભક્તિં લભતે પરામ્॥(૧૮/૫૪)

બ્રહ્મરૂપ થયેલો સદા સર્વદા પ્રસન્ન રહેનારો નથી કદી શોક કરતો કે નથી કદી કાંઇ અપેક્ષા રાખતો. સર્વ પ્રાણીઓમાં સમદૃષ્ટિવાળો તે જીવ મારી પરાભક્તિને પામે છે. આ શ્લોકમાં પણ સૌ પ્રથમ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક માન્યું છે. તેવા જ્ઞાનની પ્રાપ્તિ પછી જ તેના હૃદયમાં પરાભક્તિ જાગે છે એવી સ્પષ્ટતા પણ કરી કહેવાય. જ્ઞાનની ઉંચી અવસ્થા પર આરૂઢ થયા પછી જ પરાભક્તિની પ્રાપ્તિ થાય છે એ સત્ય પૂજ્યશ્રીના જીવનમાં પણ સાકાર થયેલું આપણે જોઇ શકીએ છીએ. પૂજ્યશ્રી

પ્રકાશને પંથેમાં ખુલાસો કરતાં જણાવે છે કે "ઈશ્વરને મા રૂપે ભજવાનું મને વધારે ગમતું. માનું દર્શન કરવાની ને માની સાથે વાતો કરવાની મને ઇચ્છા હતી. માના નિરાકાર સ્વરૂપને હું જગતમાં બધે જ જોતો. જગતના જડ ને ચેતન બધા પદાર્થોને હું માના સ્વરૂપ જેવા સમજતો ને સૌમાં તેનું દર્શન કરતો. એ ટેવ મેં લાંબા વખતથી પાડી હતી. પરંતુ મારું હૃદય એક પ્રેમી ભક્તનું હૃદય પણ હતું. તેથી જ્ઞાનના એ અનુભવની સાથે સાથે અનંત શક્તિને સુંદરતાથી ભરેલી માની અલૌકિક કાયાનું દર્શન કરવાની ઇચ્છા પણ મને થયા કરતી." તેમના અંતરતમમાં જાગેલી પરાભક્તિએ તેમની પાસે કઠીન ને દુષ્કર સાધના કરાવીને જગતમાં ફરીથી ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ કેવું હોય તેનું નિદર્શન કરાવ્યું છે. તેમનું ભક્તહૃદય માને પોકારતાં રડી ઉઠતું; હૃદય કકળી ઉઠતું; તેમની આંખોમાંથી સતત અશ્રુપ્રવાહ વહેતો રહેતો. તેમની અદ્દભુત દશા જોઇને કોઇનું પણ હૃદય પીગળી જતું! માનાં દર્શન માટેની તેમની તાલાવેલી, અદ્દભુત લગની તેમની સફળતાની ગુરુચાવી હતી. આર્તહૃદયથી કરવામાં આવતી પ્રાર્થનાએ તેમના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમનું જીવન જાણ્યા પછી મને **बहूनां जन्मनामन्ते ज्ञान्वान्मां प्रपद्यते** એ ગીતાકથન બરાબર સમજમાં આવ્યું છે. જ્ઞાનની પ્રાપ્તિ પછી સાચો પ્રેમ હૃદયમાં જાગે છે તે હકીકત પણ એમાં સારી રીતે પ્રતિધ્વનિત થાય છે. એકલું જ્ઞાન મહત્ત્વનું નથી પણ જ્ઞાનયુક્ત ભક્તિની પણ તેટલી જ આવશ્યકતા છે. આધ્યાત્મિકતાની સંપૂર્ણતા તેમાં જ સમાયેલી છે. તેથી જ ઉપદેશ આપવામાં આવ્યો કે **ज्ञान विज्ञान सम्पन्नो भज मां भक्तिभावितः।** અર્થાત્ જ્ઞાન અને વિજ્ઞાન એટલે અનુભવ જ્ઞાનથી સંપન્ન થઇને



ભક્તિભાવપૂર્વક મને ભજ. જ્ઞાનવિનાની ભક્તિ પરાભક્તિ નહીં, પણ ગૌણભક્તિ કહી શકાય. પરાભક્તિ તો હજારોમાં એકાદને જ જાગતી હશે! કારણ કે જ્ઞાન પછી જે પ્રેમ ઉદ્દભવે છે તે બધું જ લૂંટાવી દેવામાં સંતોષ માને છે. તેમાં સામાન્ય માણસનું શું ગજુ? પ્રેમ પરિત્યાગ કરાવે ને પૂર્ણતાએ પહોંચાડે તે પ્રેમનો મહિમા કોણ સમજે? કબીર સાહેબ કહે છે :

પ્રેમ ન બાડી ઉપજૈ, પ્રેમ ન હાટ બિકાય,
રાજા પરજા જેહિ રુચૈ, સીસ દે લઇ જાય!

અર્થાત્ રાજા હોય કે રંક હોય, જે પોતાનું બલિદાન આપી દે છે તેને તે પરમ પ્રેમની પ્રાપ્તિ થાય છે. સામાન્ય માણસ તે પ્રેમ કેવી રીતે સમજી શકે? તે પ્રેમ બાહ્ય ઉપકરણોથી પેદા કરી શકાતો નથી એટલે બજારમાં તેનું મૂલ પણ નક્કી થઇ શકતું નથી. તે પ્રેમ જ્ઞાનીઓને ઉપજે અને તેનું મૂલ તેઓ જ ચૂકવી શકે. તે કાંઇ દૂન્યવી પ્રેમ નથી કે સંજોગો બદલાતાં બદલાયા કરે! તે પ્રેમ બદલાતો નથી પણ કોઇનું પણ સંપૂર્ણ પરિવર્તન કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે. કબીર સાહેબ તેવા પ્રેમને રસાયણરૂપ માને છે. રસાયણ લોખંડનું સુવર્ણ કરવાની ક્ષમતા ધરાવતું હોય છે તેમ પ્રેમ સામાન્યને અસામાન્ય બનાવી દેવાની ક્ષમતા ધરાવે છે. ભલેને તે પછી ખાટકીને ઘરે જન્મેલ સદન કસાઇ હોય! ભલેને મોચીને ઘરે જન્મેલ રવિદાસ હોય! ભલેને વણકરને ઘરે જન્મેલ દાદુ હોય! ભલેને ગોરો કુંભાર હોય કે નામદેવ દરજી હોય! પ્રેમનું રસાયણ પીને તેઓ પરમાત્મામય બની ગયા હતા. તે હકીકતનો કોણ ઇન્કાર કરી શકશે? તેથી કબીર સાહેબે ગાયું છે :

સબ રસાયન મૈં પીયા, પ્રેમ સમાન ન કોય,
રતિ એક તનમેં સંચરે, સબ તન કંચન હોય!

# પ્રેરક પ્રસંગો

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

સંવત ૧૯૮૦ માં શ્રી મુગટરામ મહારાજ "શ્રી મુકુટ લીલામૃતના લેખક પંડિત જગન્નાથ પ્રભાશંકરને ત્યાં પધાર્યા હતા. પ્રભુશ્રી જ્યારે જ્યારે વડોદરા જાય ત્યારે પંડિતજીને ત્યાં અચૂક જાય. પંડિતનો પરિચય થયો તે પહેલાં ભાગ્યે જ બે–પાંચ વર્ષે એકાદ વખત શ્રી ગુગટરામજી વડોદરા જતા પરંતુ જગન્નાથ પંડિત સાથે સંબંધ થયા પછી વર્ષમાં ચાર પાંચ વખત પોતે વડોદરામાં પધારવા દયા કરતા (પંડિતજી સાથે પરિચય થયાં પહેલાં બે–પાંચ વર્ષે એકાદ વખત અને પછી વર્ષમાં ચાર–પાંચ વખત વડોદરા પ્રભુશ્રી પધારતા અને વડોદરા પધાર્યા હોય ત્યારે પંડિતજીને અચૂક મળે જ. આ ઉપરથી આપણે વિચારીએ કે એ જીવ ઉપર શ્રી મુગુટરામજીની કેટલી કૃપા હશે?)

સંવત ૧૯૮૦ માં મહારાજ પંડિતજીને ત્યાં પધાર્યા ત્યારે પંડિતજીને ખબર નહિ કે પ્રભુશ્રી વડોદરામાં પધાર્યા છે. પંડિતજી તો એકાકી ઘરમાં બેઠા હતા અને પ્રભુશ્રી અચાનક મોટરમાં તેમને ત્યાં પધાર્યા. પંડિતજીએ સામા જઈને પોતાના દેવઘરમાં હીંચકા ઉપર પ્રભુશ્રીને પધરાવ્યા. બીજે પણ એક–બે ઠેકાણે થઈને તેઓ પાછા મંજુસર પધારવાના હોઈ અર્ધો કલાક રોકાઈ પોતે તરત જ ઊઠયા.

પંડિતજીએ સર્વ બાળકોને દર્શન કરી જવા કહ્યું તેથી પ્રભુ પુનઃ હીંચકા ઉપર બિરાજ્યા. પછી પંડિતજીનાં પત્ની દર્શન કરવા



આવ્યાં ત્યારે પ્રભુશ્રી બોલ્યા કે, આ વખતનો પ્રસંગ જરા કષ્ટપ્રદ જણાય છે. (તે વખતે પંડિતજીનાં પત્નીને પ્રસૂતિ થવાની તૈયારી હતી) આ શબ્દો સાંભળીને પંડિતજીએ પ્રભુશ્રીને કહ્યું કે "આપે આમ કહી મને ચિંતામાં નાખી દીધો." પ્રભુશ્રી ઊઠતાં ઊઠતાં બોલ્યા, આપણે ચિંતા શી? "જાઓ ગાયત્રીની અગિયાર માળા કરજો એટલે બધું અનિષ્ટ દૂર થઈ જશે."

પછી પ્રસૂતિ થવાની હતી તે દિવસે પંડિતજી ચાર વાગે વહેલી સવારે ઊઠયા અને મહારાજની આજ્ઞા પ્રમાણે ગાયત્રીની માળા કરવાનો પ્રારંભ કર્યો. જ્યાં અગિયારમી માળાનો મેરનો છેલ્લો મણકો મૂક્યો, કે તરત જ પ્રસૂતિ થઈ અને બાળકનું પ્રથમ રૂદન તેમના સાંભળવામાં આવ્યું.

આ પ્રમાણે પ્રભુશ્રી જે બોલતા તે પ્રમાણે થતું, પછી સામાનું પ્રારબ્ધ ગમે તેટલું દુષ્ટ હોય. પોતાના મુખમાંથી કોઈ પણ વચન નીકળી ગયું, પછી તે સિદ્ધ થયા વિના ન જ રહે. આવો અનુભવ કેવળ પંડિતજીને જ નહિ પરંતુ પ્રભુશ્રી પાસે આવનાર સેંકડો નહિ પણ હજારો મનુષ્યોને થયા છે.

* * *

નડિયાદના દેસાઈ શ્રી દાદુભાઈ સાહેબની મોટર હાંકનાર ડ્રાઈવર વાઘજી પોતાનો અનુભવ જણાવતાં કહે છે કે જ્યારે જ્યારે શ્રી મુગટરામ મહારાજ મોટરમાં બેસતા ત્યારે કોણ જાણે શું થતું કે મોટરનું ચક્કર મારા હાથમાં હોય તેમ છતાંય મારો તેની ઉપર જાણે કે કોઈ અંકુશ ન હોય તેમ ખાડા ટેકરા અને દડ આવે તો પણ તે પોતાની મેળે વેગથી આગળ અને આગળ દોડયા કરતી મને જણાતી. મને ન સમજાય, કે આ શું થાય છે?

તેમાં જીવ આવતો હોય તેમ તે ચાલે. જાણે મારે તેને ચલાવવી જ ન પડતી હોય પણ તે પોતાની મેળે ચાલતી હોય તેવો અનુભવ મને એક વખત નહિ પણ અનેક વખત થયો છે.

* * *

મોટરનો આવો જ પ્રસંગ પંડિત જગન્નાથ જણાવે છે કે મહારાજ મુગટરામજી પોતાની સ્વરૂપ સ્થિતિ થયા પછી તરત જ અમારે એક વખત મંજુસર જવાનું થયું. તે વખતે મોટરમાં હું, પોલીસ કમિશ્નર શ્રી ઘાટગે સાહેબ તથા માણેકલાલભાઇ એટલા હતા. જતી વખતે અને આવતી વખતે પણ બે ત્રણ વખત મોટર અટકી પડી અને અમારે નીચે ઊતરીને તેને ઠેલવી પડી. આ પ્રમાણે પહેલે પ્રસંગે જ અમને અનુભવ થયો, કે પ્રભુશ્રી જ્યારે મોટરમાં બિરાજતા ત્યારે તે નિર્વિઘ્ને ચાલતી.

પોતે જ્યારે મોટરમાં બિરાજ્યા હોય ત્યારે સામેથી ગાયો, ભેંસો કે બળદ દોડતાં આવે તે પોતે ઊંચો હાથ કરે, કે તે જ્યાં હોય ત્યાં અટકી જાય અથવા બાજુ પર ખસી જવા હાથ કરે તો તે તરત જ બાજુએ ખસી જાય અને મોટર ચાલી જાય. કોઇ દિવસ પણ પોતે મોટરમાં બેઠા હોય અને વિઘ્ન આવ્યું હોય તેવું બન્યું નથી. પોતાના સમયમાં મોટરો ખેતરોમાં અને જંગલમાં દોડયા જ કરે, પણ જરા પણ અડચણ ન આવે. **જડ વસ્તુઓ પણ તેઓની ઇચ્છાને આધીન વર્તતી જણાતી.**

પોતે મોટરમાં બેઠા હોય અને કહે કે આ રસ્તે હાંકો, અને તે રસ્તો સારો નીકળે. છેવટના બે મહિનામાં આઠસો નવસો રૂપિયાનું પેટ્રોલ બળ્યું હતું. (સિત્તેર પંચોતેર વર્ષ પહેલાં આઠસો–નવસો રૂપિયાનું પેટ્રોલ બળે તે ઘણી મોટી રકમ ગણાય) એટલું



કામ તેની પાસે લેવામાં આવતું હતું. એ વિના શ્રીમંત સરકારની અને ઘાટગે સાહેબની મોટરો કામ કરતી તેનો તો હિસાબ જ નહિ.

**એક વખતે માણેકલાલભાઇ મહારાજની સાથે હતા અને મોટર મંજુસર જતી હતી. તે વખતે રસ્તામાં એક ઢોર મોટરની સાથે દોડવા લાગ્યું, શ્રી મુગટરામ મહારાજે કહ્યું કે "બસ અબ ઠેર જા." એટલે તે તરત જ અટકી ગયું.** આવા પ્રભાવશાળી હતા મંજુસરનાં શ્રી મુગટરામજી મહારાજ.

* * *

૧૯૨૬ માં શાહબાગથી નિર્મળાસુંદરી (મા આનંદમયી) હવે કહ્યા વિના ક્યાંક ચાલ્યાં જતા હતાં. રમણીમોહનને તપાસ કરતાં જાણવા મળ્યું કે આસપાસના ગામોની એ મુલાકાત લે છે. પછી તો નિર્મળાસુંદરી રમણીમોહનને પણ સાથે લઇ જવા લાગ્યાં. ગામડામાં જઇ નિર્મળાસુંદરી કીર્તન કરતાં તેમાં ત્યાંના રહેવાસી જોડાતા. આમ એકાએક જ સંગીત અને નૃત્યના અદ્‌ભુત કાર્યક્રમો યોજાવા માંડયા. કાર્યક્રમોનું ધાર્મિક રૂપ સૌને સ્પર્શી જતું. સૌમાં ભક્તિભાવ પ્રાદુર્ભાવ પામતો અને ભગવદ્ ભક્તિ પ્રત્યે આસ્થા વધતી.

૧૯૨૬ના ડિસેમ્બર માસમાં રાયબહાદુર જોગેશચંદ્ર ઘોષના સ્વર્ગસ્થ માતુશ્રીની સંવત્સરી આવી. તેઓ ઢાકા પાસેના એક નાનાકડા ગામમાં રહેતા હતા. નિર્મળાસુંદરી અને રમણીમોહન તેમના આગ્રહભર્યા નિમંત્રણથી ત્યાં ગયાં. કીર્તનનો કાર્યક્રમ યોજાયો. આખું ગામ ભેગું થયું જેમાં મુસલમાન ભાઇઓ પણ હાજર રહ્યા. કીર્તનનું હૃદયંગમ વાતાવરણ સર્જાયું. તેની સમાપ્તિ

પછી એક મુસલમાન ભાઇની પાસે નિર્મળાસુંદરી ગયાં અને તેમને "અલ્લાહનું નામ લો." એમ કહી પોતે મોટેથી અલ્લાહનું નામ બોલવા લાગ્યાં. પેલા મુસલમાનભાઇ પણ તેમની સાથે બોલવા લાગ્યા. નિર્મળાસુંદરી અલ્લાહ અલ્લાહ કહેતાં ઊંડા ભાવમાં ડૂબી ગયાં અને નીચે બેસી ગયાં. અપૂર્વ દૃશ્ય ઊભું થયું. સૌએ તેમને હાથ જોડયા. નમી નમીને પ્રણામ કર્યાં અને જ્યારે તેઓ ભાનમાં આવ્યાં ત્યારે બધા વિખેરાયાં. પછી કલકત્તામાં પ્યારીબાનુએ નિર્મળાસુંદરીની ઉપસ્થિતિમાં ફરી કીર્તનનું આયોજન કર્યું. તેનું આખું કુટુંબ કીર્તનમાં જોડાયું અને હર્ષઘેલું બન્યું. ૧૯૨૬ નું આખું વર્ષ આમ કીર્તન વર્ષ પુરવાર થયું.

* * *

રમણીમોહન (નિર્મળાસુંદરી એટલે કે "મા આનંદમયી"ના પતિ ભોળાનાથ) બાજિતપુરમાં ઢાકાની નવાબજાદી પ્યારીબાનુની નોકરી કરતા હતા ત્યારે એક વખત નિર્મળાસુંદરીએ કોઇ પણ સંદર્ભ વિના પ્રશ્ન કર્યો 'અરબસ્તાન શું છે?' રમણીમોહને જવાબ આપ્યો 'એક દેશ છે.' ત્યારે નિર્મળાસુંદરીએ કહ્યું 'મેં અરબસ્તાનના બે ફકીર જોયા. એક હતો ગુરુ અને બીજો હતો શિષ્ય. સૂક્ષ્મમાં હું તેમને મળી. જો હું ચિત્રકાર હોત તો બંનેનાં આબેહૂબ ચિત્ર દોરત. પૂરા એક વર્ષ પછી રમણીમોહનની શાહબાગમાં નવી નિમણૂંક થઇ. તેઓ નિર્મળાસુંદરી સાથે શાહબાગ આવ્યા. ત્યાં નિર્મળાસુંદરીએ સૂક્ષ્મમાં ફરી પેલા બે ફકીર જોયા. તેમણે પોતાની આપવીતી કહેતાં જણાવ્યું કે "વર્ષો પૂર્વે તેઓ અરબસ્તાનથી ઢાકા આવ્યા હતા અને શાહબાગ પાસે રહેતા હતા. ત્યાં તેમનું અવસાન થયું હતું. તેમના શાગિર્દોએ



તેમને ત્યાં દફનાવ્યા હતા અને ઉપર કબર ચણાવી દીધી હતી." ઢાકાના નવાબ પરિવારને તેમના પ્રત્યે ખૂબ જ ભક્તિ અને પ્રીતિ હતી.

એકવાર મા આનંદમયી માએ વારાણસીના આશ્રમમાં શિષ્યો સમક્ષ કહ્યું "પિતાજીને (ફકીરને) જ્યારે હું મળી ત્યારે મને એમ લાગ્યું કે એ અરબસ્તાનના કોઇ મહાન પુરુષ હતા. બાજિતપુરમાં જ્યારે મેં ભોળાનાથને એ આરબ ફકીરો વિષે વાત કરી ત્યારે તેમણે મને કહ્યું 'તમે હિન્દુ દેવ દેવીઓને બદલે હવે ફકીરોને ક્યાં જોવા લાગ્યા! મને તો આ તમારા સૂક્ષ્મ દર્શનનું રહસ્ય સમજાતું જ નથી."

આ એજ ફકીરની વાત છે જ્યારે શાહબાગના નાચઘરમાં કીર્તન ચાલતું હતું અને મા આનંદમયી (એ સમયે નિર્મળાસુંદરી) ભાવાવેશમાં નાચઘરમાંથી બહાર જતાં રહી દૂર એક કબર પાસે પહોંચી ગએલ અને નમાજ પઢવા લાગેલ. આ પ્રસંગ અગાઉના 'અધ્યાત્મ'માં ખૂબ જ વિસ્તારથી વર્ણવેલ છે.

આ પ્રસંગ ઉપરથી સમજી શકાય છે કે ઉચ્ચકોટિના આત્માઓને સમય અને અંતરનાં બંધન હોતાં નથી. બાજિતપુરમાં નિર્મળાસુંદરીને સૂક્ષ્મમાં ફકીરનાં દર્શન થયાં તે ભવિષ્યે તેમને શાહબાગ જવાનું થશે તેની આગાહીરૂપે પણ હોઇ શકે.

* * *

૧૯૫૬ ની સાલમાં દક્ષિણ ભારતની એક વૃદ્ધ બાઇ સ્વામી શિવાનંદજીનાં દર્શન કરવા માટે આશ્રમમાં આવી. તે સીધી ઓફિસમાં ગઇ. તે વખતે સ્વામીજી ત્યાં જ બેઠા હતા. તેમણે બે

હાથ જોડી ૐ ના ધ્વનિ સાથે માજીને આવકાર આપ્યો. 'આવો માજી. અહિ બેસો. તમારી તબિયત કેમ રહે છે? યાત્રા કરવા નીકળ્યાં છો? સારી રીતે યાત્રા પૂરી કરો.' અને પછી સ્વામીજી પોતાને કામે વળગી ગયા.

માજી શાંતિથી બહાર ચાલ્યાં ગયાં અને દવાખાના પાસે ઊભેલા એક આશ્રમવાસીને પૂછ્યું, 'ભાઇ, હું શિવાનંદનાં દર્શન કરવા આવી છું. તેઓ અત્યારે ક્યાં મળશે?' આ સાંભળી પેલો આશ્રમવાસી મોટેથી હસી પડયો. તેણે કહ્યું, 'સ્વામીજી ઓફિસમાં જ છે અને તમે ત્યાં તો જઇ આવ્યાં! સ્વામીજીને ન ઓળખ્યા?'

'હા હવે ધ્યાનમાં આવ્યું! પેલા લાંબા કોટવાળા અને ચશમાવાળા માણસ તે જ સ્વામીજી? મારા મનમાં તો એમ કે તેઓ આશ્રમના કોઇ મેનેજર હશે. હુંય મૂઇ કેવી ગાંડી કે સ્વામીજીને ઓળખ્યા જ નહિ? આ વિચારે માજીની આંખમાં આંસુ આવ્યાં. તે પાછી ઓફિસમાં ગઇ અને સ્વામીજીને પગે લાગી.

* * *

આવો જ એક પ્રસંગ ૧૯૪૦ માં પણ બન્યો હતો. તિર્થહલ્લીથી અદીગા નામના એક ભાઇ આશ્રમની મુલાકાતે આવ્યા. તેને રસ્તામાં જ સામે સ્વામી શિવાનંદજી મળી ગયા. કોઇ આશ્રમવાસી છે એમ માનીને અદીગાએ પૂછ્યું, 'શ્રીધર નામનો મારો એક મિત્ર અહીં રહે છે, મારે તેને મળવું છે તો તેની રૂમ મને બતાવશો?' સ્વામીજીએ પોતાની ઓળખાણ છુપાવતાં કહ્યું, 'શ્રીધરને મળવા આવ્યા છો? ચાલો મારી સાથે. હું તમને તેની રૂમ ઉપર લઇ જાઉં.' અને તેને શ્રીધરની રૂમ ઉપર છોડીને તેઓ પાછા વળી ગયા. પાછળથી જ્યારે અદીગાને ખબર પડી કે તેમને



શ્રીધરની રૂપ ઉપર મૂકવા આવનાર બીજું કોઇ નહિ પણ શિવાનંદજી પોતે હતા ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

સ્વામી શિવાનંદજીને મન કોઇ ઉચ્ચ ન હતું કે કોઇ નીચ ન હતું. દરેક માણસને તેઓ એક સરખા માનની નજરે જોતા. બધાંને છૂટથી મળતા અને વાતો કરતા. નાના બાળકને પણ તેઓ માનથી જ બોલાવતા. 'આપ આઇયે.' આવી ટેવ તેમને પહેલેથી જ હતી.

સ્વામીજીને શિષ્ટાચારની કંઇ જ પડી ન હતી. તેવો ખાલી દેખાવ કરવામાં તેમને કંઇ જ રસ ન હતો. રૂબરૂ મળવા માટે કોઇ ઓળખપત્રની બિલકુલ જરૂર ન હતી. તેમના દર્શન માટે કોઇ દિવસો મુકરર કરવામાં આવ્યા ન હતા.

સામો માણસ ઓળખીતો હોય કે અજાણ્યો. તે વંદન કરે કે બોલવાની શરૂઆત કરે તે પહેલાં જ સ્વામીજી તેને નમસ્કાર કરતા. સ્વામીજીને વંદન કરવાનો વિચાર હજુ તો મુલાકાતીના મનમાં આકાર ધારણ કરતો હોય ત્યાં તો સ્વામીજી જ તેને નમી પડતા. મુલાકાતી તેમના ચરણનો સ્પર્શ કરે તે પહેલાં જ તેઓ મુલાકાતીના ચરણનો સ્પર્શ કરતા. આવું તો ઘણી વખત બનતું. આ ઉપરથી સ્વામીજી કેટલા નમ્ર હતા તે સહેજે આપણે કલ્પી શકીએ.

ફક્ત માણસો પ્રત્યે જ નહિ પરંતુ પશુઓ પ્રત્યે પણ સ્વામીજીના હૃદયમાં તેટલી જ લાગણી હતી. એક વખતે રસ્તે રખડતી કૂતરી આશ્રમમાં આવીને વિયાઇ. અગાસીમાં નવાં જન્મેલાં ગલૂડિયાંને જોઇને તેમના મોંમાંથી તરત શબ્દો સરી પડયા. 'આ બધાં બાપડાં ભૂખ્યાં જણાય છે. અરે ભાઇ, કોઇ છે

કે? આ ગલૂડિયાને કોઇ ખાવાનું આપો. તો આ હતું સ્વામી શિવાનંદજીનું હૃદય.

* * *

## માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિ

દર વર્ષની જેમ આ વર્ષે પણ પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિ તા. ૪ થી ઓક્ટોબરના રોજ આવે છે. તે દિવસે સર્વે યોગેશ્વર ધ્યાનકેન્દ્રો પોતપોતાના શહેરોમાં સત્સંગના ખાસ કાર્યક્રમો યોજે એવી વિનંતિ છે. આ કાર્યક્રમોમાં ભજન, ધૂન, ધ્યાન તેમ જ પૂ. માતાજીના જીવનપ્રસંગો ઉપર ખાસ વાર્તાલાપોનો સમાવેશ કરી શકાય.

કાર્યક્રમો સપન્ન થયા પછી તેની જાણ તંત્રી અધ્યાત્મને કરવા વિનંતિ છે.

— તંત્રી



# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'બીજી સ્ત્રીઓ એવું જ કરે છે?'.

'હા.'

'દાખલા તરીકે?'

'દાખલા તરીકે તું જ નથી જાણતી? દાખલા તરીકે ઊર્મિલા. તું એનાથી સુપરિચિત છે.'

સીતા ઉમળકા સાથે બોલી : 'હા, હા. એનાથી સુપરિચિત કેમ ના હોઉં? એ તો મારી બહેન!'

'છતાં પણ તારામાં અને એનામાં કેટલો બધો ફેર છે!'

'કશોય ફેર નહિ હોય. એ પણ સ્ત્રી છે, એને પણ હૃદય છે, એટલે એની અવસ્થા પણ આવી જ હશે—મારા જેવી.'

'એ જ જોવાનું છે ને! તું ભીંત ભૂલે છે. એ બાબત એને જ પૂછી લે. એની સાથે જ વાત કરી લે.'

ઊર્મિલાની મનહર, મધુમયી, મંગલ મુખાકૃતિ એની આંખ—આગળ આવીને ઊભી રહી..

એની આહ્લાદક આકૃતિને જોઇને એ હરખાઇ ગઇ ને બોલી : 'ઊર્મિલા, તું?'

'હા, હું.' ઊર્મિલાએ ઉત્તર આપ્યો ને પૂછ્યું : 'કેમ? હું તને મળવા માટે ના આવું?'

'હા, આવે.' સીતા બોલી : 'જરૂર આવે. આપણે કેટલા બધા લાંબા વખતે ભેગાં થયાં? પરંતુ તું આટલી બધી સુકાઇ કેમ ગઇ છે?'

'હું તને સુકાયેલી લાગું છું? મારું શરીર સુકાયું છે પરંતુ મન નથી સુકાયું.'

'એટલે?'

'એટલે શું તે ના સમજી? મારા મનમાં કર્તવ્યપાલનનો સંતોષ છે. એને લીધે મારું મન પ્રસન્ન રહે છે.'

'શું કહે છે? લક્ષ્મણના વિયોગનું દુઃખ તને નથી સાલતું?'

'સાલે છે.' ઊર્મિલાએ સ્વસ્થતાપૂર્વક કહેવા માંડ્યું : 'પરંતુ મનને સમજાવીને શાંત રાખું છું. લાગણી તો થાય છે, હૃદય એના રંગે રંગાય છે પણ ખરું, પણ બુદ્ધિ એની મદદે આવે છે.'

'ઊર્મિલા, તું તો ઘણી જ મહાન કહેવાય. મારા કરતાં યે વધારે મહાન.'

'કેમ? તું મારી પ્રશસ્તિ કરવા માંડી કે શું?'

પ્રશસ્તિ કરું તોપણ અનુચિત ના કહેવાય. છતાં પણ પ્રશસ્તિ કરવાને બદલે જે સાચું છે તે જ કહી રહી છું. હું તો રામના થોડાક વખતના વિયોગ દુઃખથી ગભરાઈને વ્યથિત બની ગઈ છું. જીવન મને ભારરૂપ ને કડવું લાગે છે તથા મરવાનું મન થઈ આવે છે, પરંતુ તું? તું તો કેટલા બધા લાંબા વખતથી લક્ષ્મણના વિયોગની ભયંકર વ્યથા ભોગવી રહી છે? તારાં લગ્ન પછી તેં લક્ષ્મણના સહવાસનું સુખ જ કેટલું સ્વલ્પ જેટલું ભોગવ્યું? હું તો વનમાં યે રામની સાથે રહી, પરંતુ તારે લક્ષ્મણથી દૂર અયોધ્યામાં રહેવું પડ્યું! છતાં પણ એમાંય તેં અમૃત ગણ્યું. બોલ, તું મારા કરતાં વધારે મહાન કે નહિ?'

ઊર્મિલાએ સીતાના એ પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે એની આગળની વાતના અનુસંધાનમાં કહ્યું : 'હા, મેં એમાં અમૃત ગણ્યું. અમૃત ગણવું જ જોઈએ. જીવનને અમૃતમય ગણવું કે વિષમય એ આપણા હાથમાં છે.'



'આપણા હાથમાં?' સીતાએ શંકા કરી : 'આપણા હાથમાં કેવી રીતે? બધી ઘટનાઓ આપણી ઇચ્છાનુસાર બન્યા કરે છે?'

'બધું આપણી ઇચ્છાનુસાર નથી થતું એ બરાબર છે, અને એ પણ બરાબર છે કે કેટલીક અથવા મોટા ભાગની ઘટનાઓ કે પરિસ્થિતિ આપણી ઇચ્છાની વિરુદ્ધ આપણી રુચિ કે યોજના કરતાં ઊલટું રૂપ લઈને જ આવી મળે છે, તોપણ એમાંથી સાર ગ્રહણ કરીને આપણી શાંતિ, સ્વસ્થતા ને સુધામયતાને ટકાવી શકાય છે. એટલું તો આપણે કરવું જ જોઈએ. હું અત્યારે એ જ કામ કરી રહી છું. એમાં હું મહાન નથી બની જતી. એવું ના કરું તો બીજું કરું પણ શું?'

'લક્ષ્મણ વિના ગમે છે ખરું?'

'ગમે તો કેવી રીતે?'

'તારો સમય કેવી રીતે પસાર થાય છે?'

'મેં મારા મનને સંસારના વિનાશી વિષયોમાંથી તેમ જ ક્ષણભંગુર સુખોમાંથી ઉપરામ કરીને તપમાં લગાડી દીધું છે. એથી મને શાંતિ મળે છે અને મારો સમય પણ સારી પેઠે પસાર થાય છે.'

'લક્ષ્મણના વિરહની વ્યથા તને નથી સતાવતી?'

'હું સદ્‌બુદ્ધિની સહાયતા લેતી રહું છું એટલે એની અસર મને એટલા પ્રમાણમાં નથી થતી. મને સમજાયું છે કે, સંસાર પરિવર્તનશીલ છે. એમાં જુદા જુદા જીવોનાં જન્મમરણ તથા વિરહમિલનની વીણા અહર્નિશ વાગ્યા જ કરે છે. કોઈ હસે છે તો કોઈ રડે છે, કોઈ લાભ પામે છે કો કોઈ હાનિ વેઠે છે, અને કોઈ મળે છે તો કોઈ છૂટાં પડે છે. છૂટા પડેલા ફરી પાછાં ભેગાં પણ થઈ જાય છે. એવી રીતે વનવાસનો વખત જોતજોતામાં પૂરો થશે ને આખરે લક્ષ્મણ મને આવી મળશે. ત્યાં સુધી ધીરજ રાખીને નકામી ચિંતા ના કરું અને મારી વ્યથાને હાથે કરીને ના વધારું તે જ બરાબર છે.'

'લક્ષ્મણ વનવાસનો વખત પૂરો કરીને અયોધ્યામાં પાછા આવશે ને

રામ પણ એમની સાથે પાછા ફરશે, પણ મારા જીવનમાં મને અયોધ્યામાં પાછા ફરવાનું સૌભાગ્ય સાંપડી શકશે ખરું? રામના દર્શનથી મારાં લોચન ધન્ય બની શકશે? અને પ્રાણ એમનું સ્પર્શસુખ પામીને પુલકિત થશે?

સીતાના પ્રશ્નોની પરંપરાથી ઊર્મિલા જરા વિચારમાં પડી ને બોલી : 'રામની શક્તિમાં વિશ્વાસ હોત તો તારા મનમાં આવા પ્રશ્નો ઊઠત જ નહિ. રામ તને જરૂર મળશે ને તારા સંતપ્ત અંતરને શાંતિ આપીને તને સંજીવન આપશે. એમની સાથે અયોધ્યામાં પાછા ફરવાનું સૌભાગ્ય તને જરૂર મળી શકશે. રામ તારી બધી યે ચિંતા, વ્યથા તથા વિપત્તિ દૂર કરશે. મારું અંતર તો એવું જ કહ્યા કરે છે. આ અશોકવાટિકા તારે માટે એના નામ પ્રમાણે ખરેખર તારા વિરહનો સઘળો શોક શાંત કરનારી સાબિત થશે. એવી શ્રદ્ધાને મજબૂત રાખીને આ વચગાળાનો વખત બને તેટલી શાંતિપૂર્વક પૂરો કરી દે. તારે માટે અત્યારે એના સિવાયનો બીજો કોઈ યે માર્ગ નથી રહેતો. રહેતો હોય તો પણ મને તો નથી દેખાતો.'

સીતાએ કહ્યું, 'તે મારા પર અનહદ ઉપકાર કર્યો, ઊર્મિલા! તારો આ ઉપકાર કદાપિ નહિ ભૂલી શકું. તે મને ધીરજ આપી, હિંમત પૂરી પાડી, ને શ્રદ્ધાથી સંપન્ન કરીને મારા જીવનની કરમાવા માંડેલી કુસુમવાડીમાં આશાની અભિનવ જીવનદાયક જળધારા જગાવી. તારો અનુગ્રહ નહિ ભૂલી શકું.'

સીતાની તંદ્રા તૂટી ગઈ.

( ક્રમશઃ )

## * સાચી ભક્તિથી બધું જ પ્રાપ્ત થાય *

ભક્તિથી ધ્યાન સહજ બને છે અને સમાધિનો અલૌકિક અનુભવ આપોઆપ આવે છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ તથા શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ જેવા પરમભક્તોનાં જીવન એની પ્રતીતિ કરાવે છે. જગદંબાનું સ્મરણ કરતાં કરતાં રામકૃષ્ણદેવને ભાવસમાધિ થતી. શ્રી ચૈતન્ય મહાપ્રભુ ભગવાનના સંકીર્તનથી સ્તબ્ધતા અનુભવતા. મીરાં મશગુલ બનતી. શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે "મા મને બધુ આપ. જ્ઞાન, ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય, તને જે યોગ્ય લાગે તે આપ. મારામાં કશી યોગ્યતા નથી. તારા દર્શનની જ કામના છે. તું કૃપા કર. મારામાં જપ, તપ, વ્રત, સાધના કશાની શક્તિ નથી. એક તારો જ આધાર છે. તારી કૃપા વિના જીવનમાં કશો જ રસ નથી, કસ નથી, આનંદ નથી. એવી પ્રાર્થનાના પરિણામે મા જગદંબાએ એમના અંતરમાં આત્મજ્ઞાનનો અલૌકિક આવિર્ભાવ કર્યો. એમને સમાધિ આપી, શાન્તિ સમર્પી. પાછળથી તો એમને એવી અનોખી અવસ્થાની પ્રાપ્તિ થઈ કે માનું નામ લેતાંવેંત એમને ભાવસમાધિ થઈ જતી. એ દેહભાન ભૂલી જતા. માની સાથે ઈચ્છાનુસાર વાતો કરતા. ભક્તિના પ્રબળ પ્રવાહના પરિણામે એમને જે મળવું જોઈએ તે બધું જ મળી ગયું.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# સ્વસ્વરૂપસાક્ષાત્કાર એ માનવમાત્રનો અધિકાર

પ્રત્યેક સાધક સૌથી પહેલાં સમજી લે કે તે મહાબાહો છે, સામાન્ય નથી. ક્ષુલ્લુક નથી, વિરાટ છે. અસીમ શક્તિથી સંપન્ન છે. પરમાત્માનો પરમ પવિત્ર પ્રતિનિધિ, પરમાત્મારૂપ છે. શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પૂર્ણ અને દિવ્ય છે. એની દબાયેલી દિવ્યતાને એણે પ્રગટ કરવાની છે એટલું જ. મન એના કરતાં મોટું નથી. એ પોતે એનાથી મહાન છે એટલે એના પર નિયંત્રણ કરી શકશે. એણે ના હિંમત બનવાની લેશ પણ આવશ્યકતા નથી. આત્મવિકાસની એની સમક્ષ વિસ્તરેલી નવી ક્ષિતિજોનો એણે લાભ લેવાનો છે. એને માટે કશું જ અશક્ય નથી. એના સ્વરૂપની સ્વાનુભૂતિ સરળ છે. મનોનિગ્રહની સિદ્ધિ પણ એ સહેલાઈથી કરી શકે તેમ છે. એને માટે એ પ્રામાણિક પ્રયત્ન કરે એટલી જ વાર છે. એથી જ મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે ચિત્તનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્યના બે અગત્યના સાધનો દ્વારા સાધી શકાય છે.

મનોનિગ્રહ અશક્ય છે, અઘરો છે, લોઢાના ચણા ચાવવા જેવો મુશ્કેલ છે, એવો અભિપ્રાય પાતંજલ યોગદર્શન નથી આપતું. એથી ઉલટું એ કહે છે કે માનવમાત્ર એનો અધિકારી છે. અને ભવિષ્યમાં પણ યોગની અભિરૂચિવાળા બધા જ માનવો એના અધિકારી—જો ચાહે તે બધા જ મનોનિગ્રહથી સંપન્ન બની શકે અને સ્વસ્વરૂપ-સાક્ષાત્કાર માનવમાત્રનો જન્મસિદ્ધ અધિકાર છે—એને સ્વપ્રયત્નથી સિદ્ધ કરવાનો છે, એટલું જ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.